બાદશાહ અને બીરબલની

વાર્તાઓ.

ભાગ ૧ લો.

આવૃત્તિ ચોથી.

પ્રગટ કરનાર

સુવિચારદર્શક મંડળી.

મુંબઈ:

"દીન-વત્સલ" છાપખાના.

સને ૧૮૯૩. સંવત ૧૯૪૯.

કીમત ૪ આના.

બાદશાહ અને બીરબલની

વાર્તાઓ.

ભાગ ૧ લો.

આવૃત્તિ ચોથી.

પ્રગટ કરનાર

સુવિચારદર્શક મંડળી.

મુંબઈ:

"દીન-વત્સલ" છાપખાના.

સને ૧૮૯૩, સંવત ૧૯૪૯,

કીમત ૪ આના.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

નાના નાના બે ત્રણ પુસ્તક મારા હાથથી લખાયા પછી મને એક મોટું પુસ્તક લખવાની ઈચ્છા થઇ. મારી પાસે અકબર અને બીરબલને નામે સાંભળેલી વાર્તાઓનો સારો સંગ્રહ હતો. આ વાર્તાઓ મેં જુદેજુદે રૂપે સાંભળી હતી, તે સઘળીનો સાર કાઢીને મેં આ ગ્રંથ બનાવ્યો. પણ તે સંપૂર્ણ છપાવતાં ગ્રંથ મોટો થઇ જવાની ધાસ્તીથી તેને ભાગોમાં વેંચી નાખ્યો અને છપાવવાની જાહેર ખબર મારા એક મિત્રના નામથી પ્રસિદ્ધ કરી. પણ કેટલીક ન ધારેલી અડચણો નડવાથી છપાવવાનું રહી ગયું. હાલ મારા એક બીજા મિત્રે એ વાત સાંભળીને પોતાની પુસ્તકોત્તેજક મંડળી તરફથી એ છપાવવાનો ઇરાદો જાહેર કર્યો. મેં મોટી ખુશીથી તેને રજા આપી. મેં તેને મૂળ પ્રત જોવા આપી. તેણે વાંચી જોઇ તેમાં કેટલોક સુધારો અને વધારો કરવાનું કહ્યાથી મેં એક વખત ફરીથી વાંચી મારા મનપસંદ સુધારા અને વધારા કર્યા. મારા હાથે આ પ્રથમ ગ્રંથ લખાયલો હોવાથી તેમાં કદાચિત ભુલચુક રહી ગઇ હોય, તે ઉપર સુજ્ઞ ગૃહસ્થો ધ્યાન ન આપતા હંસ પક્ષી જેમ પાણી મુકી દઇને દૂધ ગ્રહણ કરેછે, તેમ તેનો સાર માત્ર ગ્રહણ કરશો એવી હું આશા રાખું છું.

રચનાર.

૨૧૫૯

અકબરબાદશાહ
અને
દીવાન બીરબલની
વાર્તાઓ ભાગ ૧ લો

વાત ૧ લી.

બાદશાહ અને બીરબલની ઉત્પતિ વિષે.

પૂર્વે હિંદુસ્થાનમાં વૈજર કરીને ગામ હતું. ત્યાં સુશર્મા નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે મહાવિદ્વાન અને સદાચાસંપન્ન હતો. તેનો સુદાસ નામનો હમ્ગામ મિત્ર હતો તે પણ ઘણોજ ચતુર હતો. તેઓ એક બીજાનો મત લઇને ચાલતા હતા. એ પ્રમાણે કેટલાંક વરસ થઈ ગયા. એક દિવસ સુશર્મા બ્રાહ્મણે વિચાર કર્યો કે આવતે જન્મ રાજ્ય મળે એવી તપશ્ચર્યા કરવી. તે વિચાર તેણે પોતાના મિત્ર સુદાસને કહ્યો. તેને પણ એ વાત પસંદ પડી તેથી કહ્યું." હે મિત્ર મારા ધર્માનુસાર મને પણ તારી સેવા રૂપી તપશ્ચર્યા કરવા દેવી જેથી તારા સમાગમે હું પણ મારી મન કામના પાર પાડું." તેના મનની ઈચ્છા પોતાના જેવી જોઇને સુશર્મા બ્રાહ્મણ તેને સાથે લઇને પ્રયાગ ક્ષેત્રની નજદીક ભાગીરથી ગંગાના કીનારા ઉપર

---

* આ વાત અસંભાવિત જેવી લાગેછે. પરંતુ ત્રણ ચાર ભાટોને મોઢેથી જુદી રીતે સાંભળીને તેનો સાર અત્રે મૂકયો છે

ગયા ત્યાં ઝુપડી બાંધીને બન્ને જણા રહ્યા. બ્રાહ્મણે તપશ્ચર્યા કરવી શરૂ કીધી. તપશ્ચર્યા કરતાં બાર વરસ પુરા થયાં, પણ તેને દેવતાઓ પ્રસન્ન થયા નહિ. તેથી તે ઘણોજ દુઃખી થયો અને તેજ દિવસથી તેણે ચતુર્થાશ્રમ (સન્યાસ) લીધો. અને ફરીથી તપશ્ચર્યા કરવી શરૂ રાખી.

સુદાસ પણ પોતાની જાતીના ધર્મ પ્રમાણે અને બ્રાહ્મણના તેના ઉપરના અતિશય ગૌરવથી, પોતાને પણ ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય એવી ઇચ્છાથી, તે સન્યાસી થયલા બ્રાહ્મણની સેવા રૂપ તપશ્ચર્યા કરવા લાગ્યો.

એ પ્રમાણે તપશ્ચર્યા કરતાં કરતાં બીજાં બાર વરસ નીકળી ગયાં. તથાપી દેવતાઓ તો પ્રસન્ન થયાજ નહિ, તેથી તેને અત્યંત ખેદ થયો અને તે ખેદમાંને ખેદમાં પોતાના મિત્ર સુદાસ પ્રત્યે આ પ્રમાણે બોલવા લાગ્યો. હે મિત્ર આપણે ચોવીસ વરસ ગયાં તપ કરીએ છીએ પણ તેનો આપણને કાંઇ ઉપયોગ થતો નથી, કાંઇ પણ ફળની પ્રાપ્તિ થઇ નથી. તેથી હવે લોકોમાં મોહો દેખાડવું એ ઘણું અયોગ્ય અને શરમ ભરેલું છે એટલા માટે આ ભાગીરથી ગંગામાં દેહ છોડી પરલોક જવું એવો મારા મનમાં વિચાર છે. પણ આત્મ હત્યા ન કરવી એવું શાસ્ત્રમાં કહ્યું છે,

श्लोक

गते शोकोन कर्तव्य, भवीष्यं नैव चिंतयेत ॥
नक्लेश यित्वात्मानं यत्स्वल्पमपितद्बहु ॥ १ ॥

ગત વાતનો શોક ન કરવો, ભવિષ્યની ચિંતા ન કરવી અને પોતાના આત્માને ક્લેશ ન આપવો. અને જે સહજ સાજ મળે તેને બહુ માની સંતોષ રાખવો.

માટે જો પ્રાણનો નાશ કરીએતો આત્મ હત્યાનું પાપ લાગે, તેથી હવે કેમ કરવું તે સુઝતું નથી

સુદાસે કહ્યું, મહારાજ મારા મનમાં પણ એમજ આવે છે માટે શાસ્ત્રની વિરૂદ્ધ ન થતાં સુખની પ્રાપ્તી થાય એવો ઉપાય કરવો જોઇએ. કહ્યું છે કે.

कर्तव्यं सुविचारेण । शास्त्रयच सुखायच ॥

તેથી દોષ ન લાગતાં આપણા મનની ઇચ્છા પ્રમાણે કામ થાય એવી માત્ર એકજ યુક્તિ છે.

સન્યાસીએ કહ્યું. "જો તે યુક્તિ સારી હોય તો કહે"

સુદાસે કહ્યું, સ્વામી, ત્રિવેણીનો જ્યાં સંગમ છે ત્યાં જો દેહ છોડી હોય તો, આત્મહત્યાનું પાપ ન લાગતાં મરતી વખતે મનમા જે ઇચ્છા હોયતે તે બીજા જન્મમાં મળે છે. આ વાતને ઘણા વિદ્વાનોને મોઢેથી સાંભળી છે. તેટલા માટે આપણે બંને દેહ છોડીએ તેમાં પાપ નથી. પછી તો જેમ આપની ઇચ્છા. સુદાસના આવા વચન સાંભળીને સુશર્મા તે પ્રમાણે કરવાને તૈયાર થયો. પછી બેઉ જણ પોત પોતાના કપડાં સામાન વગેરેની જુદી જુદી ગાંસડીઓ બાંધીને એક ઝાડ નીચે સારા બંદોબસ્તથી દાટી મુકવાં પછી તેઓ તે જગાએ આવ્યા. ત્યાં પ્રથમ સન્યાસીએ આવતા ભવમાં સાર્વભૌમ્ય શેહેનશાહતની પદવી પ્રાપ્ત થાય અને પૂર્વ જન્મની યાદદાસ્ત રહે એવું ઇચ્છીને પોતાની દેહ છોડી. પછી સુદાસ હજામે, મારો ઉત્તમ કુળમાં જન્મ થઇને મારા મિત્રનું પ્રધાનપણું મળે, અને પુર્વ જન્મનું સ્મરણ રહે, એવું ઇચ્છીને પોતાની દેહ છોડી, પછી થોડે વરસે હસ્તિનાપુર (દીલ્હી) માં જન્મ લીધો.

હસ્તિનાપુર શેહેર દીલ્હીની પડોશમાં હતું. તે શેહેર પાંડવ કૌરવના યુદ્ધ પછી પાંડવોના હાથમાં આવ્યું હતું. મુસલમાની

રાજ્યના વખતમાં કયે વખતે નાશ પામ્યું, તેની કાંઇ પૂરે પુરી ખાત્રી થતી નથી. હાલ કેટલાક લોકો દીલ્હીને બદલે હસ્તીનાપુર શબ્દ વાપરે છે. તે શેહરમાં હુમાયુ કરીને બાદશાહ રાજ્ય કરતો હતો તે મોગલ વંશના સ્થાપનાર બાબરનો દીકરો હતો. બાબરના મરણ પછી તે ગાદી ઉપર બેઠો હતો. શેરખાન નામના અફગાને તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકયો, તેથી રખડતો રખડતો અમર કોટમાં આવી લાગ્યો. ત્યાં ઈ. સન ૧૫૪૩ માં તેની બેગમે પુત્રનો જન્મ આપ્યો. દંત કથામાં એવું કહ્યું છે કે, આ પુત્ર તે તેજ સુશર્મા સંન્યાસી હતો.

સુશર્માએ ઉત્તમ કુળમા જન્મ લેવા વાસ્તે તપ કર્યું હતું અને તપના પ્રતાપથી તેનો જન્મ કાંઇ ઉત્તમ કુળમાં થવો જોઇતો હતો. પણ તેમ ન થતાં મુસલમાન કુળમાં જન્મ થયો તેનું કારણ એ કહેવાય છે કે, તપશ્ચર્યા કરતી વખતે તેણે અન્ન ખાવું છોડી દીધું હતું. અને ફક્ત દૂધ ઉપરજ રહ્યો હતો. તે દૂધ વગર ગાળેલું પીતાં તેના પેટમાં ગાયના વાળ ગયા હતાં. તે કારણથી તેનો જન્મ યવન કુળમાં થયો હતો. અહીં પુત્રનો જન્મ થયા પછી બાદશાહે બે ચાર દહાડે તેનું નામ અકબર પાડયું.*

હુમાયું પણ રખડતો રખડતો પાછો દીલ્લી આવ્યો. અને તેણે અફગાન સરદારને હરાવી ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો, પણ તે પોતે ઘણું જીવવા પામ્યો નહિ. રાજ્ય લીધા પછી તે બીજે વરસે મરણ પામ્યો. આ વખતે અકબરની ઉંમર તેર વરસની હતી. હુમાયુના મરણ પછી એક મહીને બધા વજીર ઉમરાવોએ સંપકરી તેને ગાદી ઉપર બેસાડયો. રાજ્યમાં કરતા હરતા તે વખતે બેરામખાન નામનો વજીર હતો. અકબરની

*અકબરના જન્મ પછીની અને હુમાયુની જે બાબત લખી છે, તે બધી ખરી, અને ઈતીહાસ સિદ્ધછે. પણ વચમાં કેટલીક બીના આવેછે, જે પાછળથી ઉમેરી હોય એમ લાગેછે.

ઉમર જો કે નાની હતી તો પણ તે વિદ્યા કળામાં કુશળ, ધીરજ-વાન, ક્ષમાવાન અને પોતાના બાપના કરતાં વધારે સારી રીતે રાજ્ય ચલાવનાર હતો.

તેજ શેહરમાં એક બ્રાહ્મણ રહેતો હતો, તેને ત્યાં પેલા સુદાસ હજામનો જન્મ થયો હતો તેનું નામ તેના બાપે સુપ્ર-નાથ રાખ્યું. તે રૂપાળો, અને ચતુર હતો. નાની વયમાંજ તેણે વેદ, શાસ્ત્ર અને કળા કૌશલ્ય શીખી લીધાં. જ્યારથી તે દરબા-રમાં આવતો જતો થયો ત્યારથી બાદશાહે તેનું નામ બીરબલ પાડયું. બીરબલ એટલે વીર વિદ્યાના જોરવાળો.

એક સમયે, જ્યારે તે છોકરો પાઠશાળામાંથી ઘર તરફ જતો હતો. ત્યારે રાજબાગ આગલ એક બહુરૂપી (ઘણા વેશ લેનાર) ખેલ કરતો હતો. તે જોવાને બાદશાહ અકબર પોતાના વજીર અને ઉમરાવો સાથે બેઠો હતો. શેહેરના પણ સેંકડો લોકો જોવાને મળ્યાં હતાં, ત્યાં આ છોકરો પણ જઈ ઉભો હતો. બહુ-રૂપી તે વખતે બળદનો વેશ લાવ્યો હતો તે એવો કે. જાણે ખરેખર બળદજ છે કે શું ? તેમાં જરા પણ ખામી ન હોતી. તે વેશ જોઇને લોકો પેલા બહુરૂપીને "શાબાશ શાબાશ!" કહીને શાબાશી આપવા લાગ્યાં. અકબર આ વેશથી, એટલો ખુશી થયો કે, પેલા બહુરૂપીને પોતાના શરીર ઉપર ઓઢેલી જરરીન શાળ અને શાળું બક્ષિસ આપી દીધું. આ તમાસો જોઇને સુપ્રનાથે મનમાં વિચાર્યું કે બાદશાહે તો તેની કાંઇ પણ પરીક્ષા ન કરતાં એમને એમ શેળું આપી દીધું, પણ મારે તો એની પરીક્ષા જોવી કે એનામાં બળદના લક્ષણ છે કે નહિ. પછી એક નાની કાંકરી લઈને પેલા બળદના વાંસા ઉપર નાંખી તે લાગતાં બહુરૂપીએ તે ઠેકાણે પોતાના શરીરને થરથરાવ્યું. આથી પેલા બાળકની પૂર્ણ ખાતરી થઈ કે આ બહુરૂપી ઘણોજ ગુણવાન છે. માટે હવે એને બક્ષિસ આપવામાં કાંઇ અડચણ

નથી. એમ વિચારી પોતાને માથે પહેરેલી જુની ટોપી જે નવી હશે ત્યારે ભાગ્યેજ ચાર આનાની કીમતની હશે, તે તેની ઉપર ફરીને વાહવાહરે. શાબાશ ' શાબાશ ! એમ બોલવા લાગ્યો. આ ઉપરથી બહુરૂપી ઘણોજ ખુશી થયો, અને પોતાનો વેશ કાહાડી નાખીને તે ટોપી હાથમાં લીધી. પછી બાદશાહની પાસે જઈને તે વખાણ કરવા લાગ્યો. ને બોલ્યો, "મહારાજ ! તમે મને જે બક્ષિસ આપી તેના કરતાં આ વાય ઘણું સરસ છે. મારા ગુણની પરીક્ષા કરનાર આ હજારો લોકોમાં, આ ટોપીના માલેક આ બાગના છોકરો હોય છે. તેની પાસે એટલુંજ હતું અને તે તેણે ગુણ જોઈને સર્વેદાન કીધું. ગુણ જોઈને આપવું તે વગર જોયે આપ્યાનાં કરતાં લાખ ઘણું વધારે" બાદશાહે પેલા છોકરાને પાસે બોલાવી મંગાવ્યો, અને ઘણીજ માયા ભરેલી રીતે તેણે પરીક્ષા કેમ કરી તે પુછયું. છોકરે બધી વાત કહી. બાદશાહે બીજા કેટલાક સવાલ પુછયા તેના જવાબ પણ વગર ગભરાયે આપ્યા. બાદશાહ અને બીજા સઘળા લોકો સમજ્યા આ છોકરો ગુણવાન અને ચતુર છે. પછી તેનું નામ નિશાન પુછી લઈ બાદશાહે તેને સારાં કપડાં લત્તાં આપીને હમેશ કચેરીમાં આવવાનું કહ્યું. છોકરો આથી ખુશી થતો ઘેર ગયો. અને બીજે દીવસથી દરબારમાં આવવું શરૂ કર્યું.

એક દીવસે રાજ્ય બાગમાં જ્યારે તેજ બહુરૂપી ખેલ કરતો હતો, ત્યારે બાદશાહે તેને વાઘનો વેશ લાવવાને કહ્યું બહુરૂપીએ હાથ જોડીને કહ્યું "મહારાજ ! જ્યારે વાઘનો વેશ લેવો ત્યારે તે યથા યુક્ત બજાવવો જોઈએ. માટે આપ જો આ દરબાર માહેલા એક માણસના ખુનની માફી બક્ષો તો હું તે વેશ લાવું." બાદશાહે તેના કહ્યા પ્રમાણે માફી બક્ષી. પછી થોડી વારમાં જ્યારે બધા લોકો જોવાને એકઠા મળ્યા, ત્યારે તે બહુરૂપીએ નાના પ્રકારના વેશ લેવા માંડયા. છેવટે વાઘનો વેશ લીધો. તે

આબેહુબ એવો કે જાણે ખરે ખરો વાઘજ આવ્યો કે શું ! સઘળી દરબાર ભયથી ધ્રુજવા લાગી ! તે વખતે આ વેશધારી વાઘે વિચાર કીધો કે, જો કોઇ ગરીબ માણસને મારીશ તો તેનું કુટુંબ રખડી મરસે, મારવો તો કોઇ અમીર ઉમરાવને કે જેના વંશજને તેની દોલત ખાય. આડું અવળું જોતાં તેની નજર અકબરના મામા શેખહુશેન ઉપર પડી. તેને મારવામાં કાંઇ અડચણ નથી એવો વિચાર કરીને વાઘ તરતજ તેની ઉપર કુદયો. અને તેની ઉપર પંજો નાખીને તત્કાળ તેનો જીવ લીધો. લોકોમાં હાહાકાર વરતી રહ્યો. અકબરની મા જે ત્યાં જોવાને બેઠી હતી તે એક મોટી ચીસ પાડીને બેશુદ્ધ થઇ પડી. દાસીએ ગુલાબજળ છાંટી તેને હુશીઆર કરી. તેણે હુશીઆર થતાંજ કહ્યું કે, મારા ભાઇને જેણે માર્યો તેનો પ્રાણ લેવો જોઇએ બહુરૂપીએ પોતાનો વેશ કહાડી નાખ્યો. સભા બરખાસ્ત થઇ. લોકો વિખરાઇ ગયાં. બાદશાહ મહેલમાં ગયો. પણ તેની માતા રીસાઇ બેઠી. અને ખાણું પીવાનું મુકી દીધું. અકબરે પોતાની માતાને ઘણું એ સમજાવ્યું, પણ તે કાંઇ સમજી સમજે નહીં. આખરે પ્રધાન સાથે મસલત કરીને ફરીથી કચેરી બોલાવી. કચેરી ભરાયા પછી બધા અમીર ઉમરાવ અને પંડીતોના મતો લીધાં. પણ કાંઇ નીવેડો આવ્યો નહીં. બાદશાહે જે વચન આપ્યું હતું તેનું ભંગ ન થતાં, તેની માતાનું મન રાજી થાય, એવી યુક્તિ કોઇને સુઝે નહિ.

આ બધો વખત પેલા બ્રાહ્મણનો છોકરો, જે એક ખુણામાં બેઠો બેઠો, બધું સાંભળતો હતો. તે આગળ આવ્યો. અને હાથ જોડીને બાદશાહની સામે ઉભો રહ્યો, બાદશાહે તેને તરતજ ઓળખ્યો જેવી બાદશાહની તેની ઉપર નજર પડી તેવોજ તે બોલી ઉઠયો. "મહારાજ! જો તમે મને આજ્ઞા કરશો તો, આપના વચનને ધકો ન લાગતાં માતાજીની પ્રસન્નતા પ્રમાણે

થાય એવી એક યુક્તિ મને સૂઝી છે તે કહું." સભામાં બેઠેલા મોટા મોટા અમીર ઉમરાવો અને વિદ્વાનો અજાયબ થયા પણ અકબર તો તેની ચતુરાઈ વિશે અગાઉથીજ જાણતો હોવાથી તેને કહ્યું, "મને અડચણો દૂર થાય એવો જો તે ઉપાય હશે તો તારો અમારી ઉપર અતિશય ઉપકાર થશે." છોકરે કહ્યું, "મહારાજ! જે બહુરૂપીએ વાઘનો વેશ લીધો હતો, તેને સતીનોવેશ લેવાને કહો એટલે તમારા વચનને બાધક ન આવતાં તે પોતાનો પ્રાણ છોડશે અને તેથી કરીને માતાજીના મનને પણ સંતોષ થશે. પછી તો આપની ઇચ્છા." આવડા નાના છોકરાનુ બોલવું સાંભળીને બાદશાહ સહિત સર્વ લોકો તેની હુશીઆરી માટે આશ્ચર્ય પામીને "વાહ વાહ! શાબાશ! શાબાશ!" ની બુમો પાડવા લાગ્યા. પછી બાદશાહે તે બહુરૂપીને પાસે બોલાવી તેને સતીનો વેશ લાવવાને કહ્યુ. બહુરૂપી મનમાંતો સમજી ગયો કે હવે મરવાનો વખત પાસે આવ્યો છે, પણ ફીકર નહિ. પછી બાદશાહને કહ્યુ આજ્ઞા પ્રમાણે કાલે કરીશ' એમ કહીને તે ઘેર ગયો, ઘેર જઈ બાયડી છોકરાંને પાસે બોલાવીને બધી વાત યથાસ્થિત કહી સંભળાવીને દીલાસો આપ્યો પછી બીજે દિવસે મરવાની સઘળી તૈયારી કરીને રાજ બાગમાં ગયો. થોડી વારમાં લોકોની ત્યાં મોટી ભીડ જોવાને ભરાઇ. વચોવચ દેવતાની ચીતા ખડકી હતી થોડી વારમાં પેલો બહુરૂપી સતીનો વેશ લઇને આવી પહોંચ્યો. તેણે આંગમાં જરીનો સાળુ પહેર્યો હતો. માથાના કેશ છૂટા મૂકયા હતા. કપાલમાં કંકુની આડકરી હતી અને "જે રણછોડ જે રણછોડ" કરતો આવતો હતો ત્યાં જોવા આવનાર લોકોમાં જે કોઇ બ્રાહ્મણ હતા તેમને દક્ષણા આપી. સતીના ધર્મ પ્રમાણે દાન ધર્મ કર્યું પછી ચીતાને પ્રદક્ષણા કરીને જેવો તે તેમાં પડવા જતો હતો તેવીજ બાદશાહની માતાએ દોડી આવીને તેને

હાથ પકડી લીધો, અને આ પ્રમાણે તેને કહ્યું, "શાબાશ છે તને તારો વંશ તેં પૂરો બજાવ્યો. બસ કર, મારા બાઈના નસીબમાં એવુંજ લખેલું હશે તેમાં તારો દોષ જરા પણ નથી માટે હવે તું તારો જીવ નકામો ન ખોનો. બહુરૂપીએ જવાબ દીધો. " મહારાણી સાહેબ, મેં જ્યારે વાઘનો વેશ લીધો હતો ત્યારે તમારા બાઈને મારવામાં પાછળ હઠ્યો ન હોતો. અત્યારે મારો પોતાનો પ્રાણ છે તેને માટે પાછો ફરીશ એમતો મારાથી બનવાનું નથીજ. તમે એ વાતનો વધારે આગ્રહ ન કરો. મને મારો વેશ પૂરેપૂરો ભજવવા દો " રાજ માતાજીએ અને અકબર શુદ્ધાં બીજા લોકોએ તેને ઘણોએ સમજાવ્યો, પણ તે એકનો બે થયો નહિં. આખરે "જે રણછોડ જે રણછોડ ?" કરતા બળી સળગતી ચિતામાં જઈ પડ્યો અને થોડી વારમાં બળીને ભસ્મ થઈ ગયો. પછી લોકો સઘળા પોતપોતાને ઘેર જતાં રહ્યાં, અને કચેરી બરખાસ્ત થઈ. બીજે દિવસે જ્યારે કચેરી ભરાઈ હતી ત્યારે બાદશાહે પેલા બ્રાહ્મણના છોકરા ઉપર અતિશય ખુશ થઈને કહ્યું, " આ છોકરાને વીરનું બળ ઘણું છે. તેથી એને આજથી બીરબલ કહેવા " પછી તેને પ્રધાનની પદવી આપીને વરસાસન બાંધી આપ્યું. તે દિવસથી બીરબલ નિત્ય કચેરીમાં આવવા લાગ્યો. દિવસે દિવસે તેની કીર્તી વધતી ગઈ. આખા ભરતખંડમાં તેની નામની ફેલાઈ ગઈ. અને જુદા જુદા દેશોથી પંડિતો તેની મુલાકાત લેવાને આવતા ગયા. તેઓ તેની ચતુરાઈ જોઈને પોતાના દેશમાં જઈ તેની વખાણ કરવા લાગ્યા.

વાર્તા ૨ જી.

બેટા રોતાથા.

એક દિવસ કચેરી ભરાઈ હતી ત્યારે બધા દરબારીઓ હાજર હતા, પણ એકલો બીરબલજ ગેરહાજર હતો. હમણા

આવસે હમણા આવસે એમ કરતાં એક કલાક થઇ ગયો, પણ તે કાંઇ દેખાયો નહીં. આખરે તેને બોલાવવાને સીપાઈને મોકલ્યો. સીપાઇએ જઇને તેને કહ્યું કે, બાદશાહ બોલાવેછે માટે જલદી ચાલો. તેને બિરબલે 'આવુંછું' કરીને પાછો મોકલ્યો. સીપાઇએ દરબારમાં આવીને તેનો જવાબ કહ્યો. અડધો કલાક થઇ ગયો પણ બીરબલતો આવ્યો નહીં. બીજી વખત બોલાવવા મોકલ્યો તો તેને પણ એવોજ જવાબ આપ્યો. બાદશાહ તો આથી ઘણોજ ગુસ્સે થઇ ગયો. ફરીથી ત્રીજી વખત માણસ મોકલ્યો તેને પણ એવોજ જવાબ આપ્યો. જ્યારે ત્રીજો માણસ પાછો ફર્યો ને બીરબલ તો આવ્યો નહીં ત્યારે બાદશાહે એક અમલદારને હુકમ કીધો કે હવે જો બીરબલ ન આવે તો તેને પકડીને લઇ આવ. અમલદાર તો પોતાને ફરમાવેલું કામ બજાવવાને ચાલ્યો. બીરબલને ઘેર આવી તેને દરબારમાં આવવાનું કહ્યું. બીરબલે વિચાર કીધો કે, હવે જો જવાને આનાકાની કાધી તો એમાંથી પરિણામ માઠું નીપજશે માટે હવે તો ગયા વગર છુટકોજ નથી. પછી પોતે કપડા પેહેરીને તે અમલદાર સાથે દરબારમાં ગયો. બાદશાહને રોજના નિયમ પ્રમાણે સલામ બજાવ્યા પછી, પોતાની જગાએ જઈને બેઠો. બાદશાહે તને પૂછ્યું, બીરબલ, આજ તને બોલાવવા મોકલી મોકલીને પણ અમે કંટાળી ગયા તો પણ તારા 'આવુંછું' બોલ પૂરા થયા નહીં તેનું કારણશું ? તું આટલી વાર ઘરમાં શું કરતો હતો ? બીરબલે જવાબ દીધો, સાહેબ, બેટો રોતો હતો તેને સમજાવતો હતો. બાદશાહે કહ્યું "બીરબલ, હવે તું જુઠું બોલેછે. બાલકને તેના મનગમતી ચીજ આપીએ એટલે તે મુંગો રહી જાય બીરબલે તરતજ ઉતર દીધો "ખુદાવંદ બાલકને કેવી રીતે સમજાવવો, તેની હજી આપને ખબર નથી, ત્યાં હું વધારે તે શું કહું." બાદશાહે કહ્યું, "જો તારી જગાએ મારા જેવો હતે તો

તેને તરતજ સમજાવતે" બીરબલે કહ્યું, "ખુદાવંદ, રાજા તે માબાપ છે અને રૈયત તેમના છોકરાં છે, માટે હું બાલક થાઊંછું, આપ મને સમજાવજો, પછી તમને ખબર પડશે ' બાદશાહે તે કબુલ કર્યું. પછી બીરબલે નાના છોકરાના જેવા પોશાક પહેર્યો, અને ભોંય ઉપર બેસીને હળવે હળવે રડવા માંડયું. ત્યારે બાદશાહ તખત ઉપરથી નીચે ઉતરી તેની પાસે ગયા, અને તેના શરીર ઉપર હાથ ફેરવીને 'બેટા, તું શા વાસ્તે રડેછે' એમ પૂછ્યું. ત્યારે તેણે તો વધારે જોરથી રડવા માંડયુ. ત્યારે બાદશાહે તેને ત્યાંથી ઉઠાડીને પોતાની પાસે બેસાડયો અને પૂછ્યુ, "બચ્ચા તું શા વાસ્તે રડેછે? તને કાંઇ જોઇતું હોય તો કહી દે, હું તને અપાવું." તોપણ તેણે કાંઇ જવાબ ન આપતાં ઊં ઊં ઊ કરીને રડવા માંડયું થોડીવાર સુધી રડયા પછી તે બોલ્યો, મને શેરડી જોઇએ છે, તે મગાવી આપ'. બાદશાહે તરતજ શેરડીનો એક ભારો મંગાવ્યો તેમાંથી પસંદ પડે તે કાઢી લેવાને તેને કહ્યું, બીરબલે કહ્યું 'તું તારે હાથે એમાંથી કાઢી આપ'. બાદશાહે તેમાંથી સારો જોઇને કાઢી આપ્યો, તો તે, 'ન જોઇએ' એમ કહીને ફેંકી દીધો.' આ નહીં પેલો. એમ કરતાં કરતાં આખરે એક કડકો પસંદ કીધો. તે હાથમાં લઇને ફરીથી રડવા માંડયું. ત્યારે બાદશાહે પૂછ્યું. "બચ્ચા હવે શામાટે રડેછે તને કાંઇ જોઇએ છે।" થોડી વાર રડયા પછી તેણે જવાબ દીધો. "એને તું તારે હાથે છોલી આપ, બાદશાહે શેરડી છોલીને તેના હાથમાં આપી તે લઇને ફરીથી રડવા લાગ્યો બાદશાહે પૂછ્યું, "હવે શામાટે રડેછે." તેણે જવાબ દીધો "એના કટકા કરી આપ." બાદશાહે તેના કટકા કરી આપ્યા. બીરબલે રડતાં રડતાં કહ્યું; એને મારી ટોપીમાં નાખી આપ" બાદશાહે તેમ કર્યું, પછી તે ફરીથી રડવા લાગ્યો, હાથમાંની ટોપી શેરડીના કટકા સુધ્ધાં નાખી

ની દી. બાદશાહે ચીડીને તે બધા કટકા એકઠા કર્યા, અને તેની આગળ મૂકીને કહ્યું, બેટા, તેં જેમ કહ્યું, તેમ મેં કર્યું તો હવે ફક્ત શા વાસ્તે રડે છે? બીરબલે થોડી વાર સુધી રડયા કર્યું પછી કહ્યું, "મારો જેવો પહેલો આખો કટકો હતો તેવો કરી આપ" એમ કહીને ફરીથી રડવા લાગ્યો. બાદશાહે કહ્યું, "બીજા જોઇએ તો ચાર પાંચ કટકા લે પણ આના તો કટકા થયા તે કેમ આખો થાય" બીરબલે તરતજ જવાબ દીધો "ત્યારે પછી હું રડવાનું કેમ રહું?' બાદશાહે કહ્યું, "બીરબલ તને ધન્ય છે? તું જે બોલ્યો તે ખરૂં બોલ્યો. બાળકને સમજાવવો એ મોટી મુસકેલ વાત છે" એમ કહીને મનમાં તેને વિષે જે ક્રોધ આવ્યો હતો તે શાંત કર્યો. પછી બીરબલ બાલવેશ કાઢી નાખીને પોતાનો પોશાક પહેરીને પોતાની જગાએ જઈને બેઠો. બાદશાહે તેના વખાણ કરીને તેને કેટલુંક ઇનામ આપ્યું, અને દરબાર બરખાસ્ત કરી.

વાર્તા ૩૭.

તાનસેન અને બીરબલની પરીક્ષા વિષે.

દીલ્લી શેહેરમાં તે વખતે તાનસેન કરીને મુસલમાન ગવૈયો હતો. તે ગાવા વજાડવામાં સૌથી શ્રેષ્ઠ હતો. તે વખતે આખા હિંદુસ્તાનમાં તેની જોડી હતી નહીં. તેને જો ગંધર્વની ઉપમા આપી હોય તો તેને પણ તે લાયક હતો. અક્કલમાં જેમ બીરબલ હીરો હતો તેમ ગાયન કળામાં તે એક્કો હતો, તેનું નામ સાંભળીને દેશો દેશથી ગવૈયા તેને મળવાને આવતા તેઓ પણ તેનું ગાયન સાંભળીને ખુશ થઇ પાછા જતા અને પોતાના દેશમાં જઈ રાજા આગલ તેની વખાણ કરતા, તેથી રાજાઓ પણ તેનું ગાયન સાંભળવા

આવતા. આટલો તે વખણાતો હતો તો પણ તેને પોતાનં અભિમાન મુદલ ન હોતું. પણ તેની જાતના બીજા લોકો તેને માટે મગરૂબ રહેતા. તેઓ બધા, બીરબલ કરતાં તાનસેન વધારે સરસ છે એમ માનતા હતા. બીરબલની પદવી તાનસેન કરતા વધારે ચઢતી જોઇને તેઓને અદેખાઇ ઉત્પન થઇ. ધીમે ધીમે તેઓ બાદશાહ આગલ તેની વખાણ કરવા લાગ્યા. બાદશાહ મનમાં આ બધું સમજતો હતો. તેઓ વખાણ કરતી વખતે ફક્ત તાનસેનનુંજ નામ લેતા હતા. બીરબલ તરફનો ધીક્કાર બાદશાહ પાસે મોઢે બોલીને દેખાડતા ન હતા. તો પણ બાદશાહ આ વાત સમજી ગયો હતો. એક દિવસે દરબાર ભરાયલી હતી, તે વખતે તેઓ વખાણ કરવા લાગ્યા, પણ બાદશાહ તે સહન કરી શક્યો નહીં તેથી બોલી ઉઠ્યો, "તમે તાનસેનની આટલી બધી વખાણ કરોછો તેથી તે ગુણવાન હશે, પણ તે બીરબલની બરોબરી કરી શકવાનો નથી."

બાદશાહનો આવો જવાબ સાંભલીને તેઓ તો ચુપજ થઇ ગયા અને એની વાત કરવી તેઓએ બંધ કરી, કચેરી બરખાસ્ત થયા પછી તેઓ એક મોટા ઉમરાવના મેહેલમાં એકઠા થયા. ત્યાં તેઓએ ખાનગી રીતે કેટલી મસલત કીધી અને તે મસલત પ્રમાણે તેજ મહેલને તેઓએ ઘણી સારી રીતે સણગાર્યો તરેહ તરેહવાર બેઠકો બનાવી. તે વખતે કાંઇ હાલના જેવા વિલાયતી ટેબલ, ખુરશી કે કોચો ન હોતા પણ તે વખતની હિંદુ કારીગરીથી બનાવેલી તરેહ તરેહની બેઠકો હતી. વચમાં એક તખત બાદશાહ વાસ્તે રાખ્યું હતું. તાનસેનને ગાયન ગાવા વાસ્તે બોલાવ્યો હતો. બધું તૈયાર કર્યા પછી બાદશાહને બોલાવવાને કેટલાક ઉમરાવો ગયા. બાદશાહ આવ્યો તે વખતના રીવાજ પ્રમાણે બધા લોકોએ ઉઠીને માથું નીચું નમાવી તેનં માન આપ્યું. દીવા તૈયાર કરીને સલગાવ્યા વગર એમના એમજ

મેલ્યા દીધા હતા, ગાયન ચાલ્યું. તાનસેને પ્રથમ દીપક રાગ ગાયો. જેવો તેણે રાગ ગાયો કે તરતજ તે બધા દીવા પોતાની મેલે સલગી ઉઠ્યા અને મેહલમાં રોશની થઈ. પછી તેણે સંપુરણ રાગ રાગણી ગાઈ સંભલાવ્યા. મલ્હાર રાગ ગાઈ સંભગાવ્યો. મલ્હાર રાગ ગાયો કે તરતજ વરસાદ વરસ્યો. તે દિવસ ગરમીના હોવાથી લોકો બફાઈ જતા હતા, પણ વરસાદ વરસવાથી બધાના દીલ ખુશી થઈ ગયાં. જ્યાં સુધી મલ્હાર રાગ ચાલુ રહ્યો, ત્યાં સુધી વરસાદ વરસતો રહ્યો. બાદશાહતો આ ચમત્કાર જોઈને અતિશય આનંદ પામ્યો આ વખતે લાગ જોઈને અમીરખાન નામના સૌથી મોટા ઉમરાવે હાથ જોડીને કહ્યું " મહારાજ ? તાનસેનના ગુણ બીરબલના સઘળા ગુણ કરતાં ચઢીઆતા છે કે નહીં તે આપે નજરો નજર જોયા અને અમે ધારીએ છીએ કે હવે આપની ખાત્રી પણ થઈ હશે. માટે તાનસેનને બીરબલની પદવી મલવી જોઇએ. " બીજા અમીર ઉમરાવો પણ એ વાતને મલતા થયા તોપણ બાદશાહે તો ખુલે ખુલું કહ્યું " તાનસેન, જોઈએ તેવો ગુણવાન છે પણ બીરબલના ગુણની નીચે છે પણ જ્યારે તમે અતિશય આગ્રહ કરોછો, ત્યારે તમને તે પ્રત્યક્ષ રીતે દેખડાવીશ. તેઓએ વિચાર્યુ કે હવે કાંઈ વલે એવું લાગતું નથી, પણ બાદશાહે કહ્યું છે કે, હું તમને તે પ્રત્યક્ષ દાખલો દેખાડીશ ત્યારે હવે ત્યાંસુધી ધીરજ ધરવી. પછી સૌને ફુલના હાર પહેરાવી પાન ગુલાબ આપી રવાના કર્યા. પછી બીજે દીવસે બાદશાહે બ્રહ્મદેશના રાજા ઉપર એક કાગળ લખી કાઢયો તેમાં એવું લખ્યું હતું કે, આ કાગલ લાવનાર બંને જણને તરતજ ગર્દન મારવા જરા વારની ઢીલ કરવી નહીં. વગેરે લખ્યું. પછી ઉપર પોતાની મોહોર કરીને, તાનસેન અને બીરબલને પોતાની પાસે બોલાવી મંગાવ્યા. તાનસેનના હાથમાં કાગલ આપ્યા પછી બા

દશાહે કહ્યું બ્રહ્મદેશના રાજાને ત્યાં જરૂરનું કામ છે. માટે તમે જઇ આવજો. એ કામ બીજાથી થાય એવું નથી. તમે જશો તો જલદીથી નીવેડો આવે એમ છે. માટે જેમ બને તેમ જલદી રવાના થાઓ. "બાદશાહને ઘણું સારૂં" કહીને તેઓ બંને ત્યાંથી નીકલી ચાલ્યા. પછી ઘેર આવી બીરબલે વિચાર કીધો, "માનો ન માનો પણ આમાં કાંઇ દગોછે. પણ ફીકર નહીં. જરૂર પડશે ત્યારે જોઇ લઇશું !" પછી પોતાની બાયડીને ખાવાનું તૈયાર કરવાનું કહ્યું. તાનસેને ઘેર જતાં જતાં વિચાર કર્યો, "બાદશાહનું કાંઇ અગત્યનુ કામ હશે ત્યારેજ અમને મોકલેછે. નહીં તો શું ગેપીઆઓની ખોટ પડછે? ચાલો એ બહાને ગામતો જોઇશું અને વળી ત્યાંના રાજાને ગાયન કળા દેખાડી ખુશી પણ કરાશું એટલે આપણી કીર્તી પણ વધશે. અને રાજા કાંઇ ઈનામ પણ આપશે" એમ કહી ખુશીમાં ને ખુશીમાં ઘેર ગયો. ઘેર જઇ બાયડીને ખાવાનું કરવા કહેતાજ તેણે પૂછ્યું કે જવું છે કયાં? કોઇ માણસ કાંઇ કામે બહાર જતો હોય તેને "કયાં જાઓછો" એમ પૂછીએ તો તે અપશકુન માને છે તેજ રીતે આને પણ પુછયું. પણ આ તો કાઇ શુકન અપશુકન માનતો નહતો તેણે જવાબ દીધો, "બાદશાહને કામે બ્રહ્મદેશ જવુંછે" પછી તેણે ખાવાનું તૈયાર કર્યું. બીજે દીને સવારના પહોરમાંજ બીરબલનો સીપાઈ એને બોલાવવા આવ્યો કે ચાલો દીવાન સાહેબ તૈયાર હુવે છએ. તાનેસેન પણ સામાન લેઇને નીચે ઉતર્યો. દાદર ઉપરજ બીલાડી આડી ફરી ગઇ. તેની છોકરીએ છીંક ખાધી. પણ તાનસેને કાંઇ ગણકાર્યું નહીં. બીરબલ તેની રાહ જોતો ઉભો હતો. બેઉ પોતાના વાસ્તે તૈયાર રાખેલા ઘોડા ઉપર સ્વાર થયા, શેહેરની આગલ આવી પહોંચતાંજ દરવાજા બંધ દીઠા. હજી વખત થયો ન હતો તેથી સીપાઇ ઊંઘતો હતો. બીરબલ સાથે આવેલા સીપાઈએ ચોકીબાન સીપાઇને જાગ્રત

કર્યો. તે બિચારો આંખો ચોળતો ચોળતો "કોનહએ" પૂછવા લાગ્યો. સીપાઈએ કહ્યું, "અરે ઉઠ! દરવાજા ખોલ. દીવાન સાહેબ ખાટી રહે હએ." દીવાનનું નામ સાંભળતાંજ તેની ઊંઘ બધી ઉડી ગઇ. તરતજ કુંચી કાહાડી દરવાજા ખોલ્યા. બેઉ જણ બહાર નિકલ્યા. રસ્તે ચાલતા બપોર થયા એટલે મુકામ કર્યા પછી જમી કરીને ત્યાંથી સાંઝ પડી એટલે નીકલી પડયા. એમ કરતાં કેટલેક દિવસે તેઓ બ્રહ્મ-દેશમાં આવી પહોંચ્યા. શેહેરની પાસે આવ્યા એટલામાં રાત પડી ગઇ હતી. તેથી દરવાજા બંધ હતા અહીં તેમને કોણ ઓલખતો હોયકે બારણું ઉઘાડે. રાતની રાત તો ત્યાંજ કાહડ-વાનો તેઓએ વિચાર કર્યો. બીરબલે કહ્યું, "ભાઇ તાનસેન! આપણે અહીં આજ પહેલવહેલાજ આવ્યા છીએ અને વલી જંગલમાં પડયા છીએ માટે આપણામાથી એક જણ જાગતો બેસેતો વધારે સારૂં" તાનસેનને એ વાત પસંદ પડી. તેણે પ્રથમ જાગવાનું કબુલ કર્યું. બીરબલ સુવાની તજવીજ કરવા લાગ્યો એટલામાં ત્યાંથી એક ગામડીઓ જતો હતો તેણે તેમને જોયા તેથી તેણે આગલ આવીને પૂછ્યું, "ભાઈઓ તમે પર-દેશી છો એવું તમારા દેખાવ ઉપરથી લાગેછે. અહીં વાઘની વાસ્તી ઘણી છે, માટે તમે અહીં સુતાના. મારી ઝુપડી અહીંથી પાસેજ છે ત્યાં ચાલો." તાનસેનને તો એટલુંજ જોઈતું હતું, પણ બીરબલે જરા તરા આનાકાની કરવા માંડી. પણ પેલા ગામડીઆએ અતિશય કાલાવાલા કર્યાથી તેણે પણ કબુલ કર્યું. પછી તેઓ બંને જણા સ્વાર થઈને તેની સાથે ગયા. ગામડી-આએ જઈને તેમના ઘોડાને પોતાના વાડામા છોડાવ્યા. તાનસેન મુસલમાન હતો, તેથી તેને જુદા ઓરડમાં ઉતારો આપ્યો. સવારના પહોરમાં તેઓ ઉઠીને જવા નીકલ્યા. પણ પેલો ગામ-ડીઓ આગ્રહ કરવા લાગ્યો કે, જમીને જજો. તેનો અતિશય

આરામ જોઈને તેઓ રહી ગયા. ગામડામાં મળતી સારી સારી જણસો બધી રાંધેલી હતી. જમીને તેઓ ઘોડા ઊપર બેસીને નીકલી ચાલ્યા. ગામમાં દાખલ થઈને જુવેછે તો, જાણે બીજી ઇંદ્ર પુરીજ છે કે શું ! એવો તેનો ભપકો હતો. ચોમેર વેપારીની દુકાનો આવી રહી હતી. એક તરફ સોના રૂપાના દાગીના ઓ લઈને સરાફો બેઠા હતા, બીજી મેર મીઠાઇ વાલાની દુકાને ભીડ ભરાઇ હતી. રૈયત સુખી હતી. રાજા દયાળુ અને પ્રજા પાલક હતો. તેના રાજ્યમા ગરીબ તેમજ પૈસાદારને સરખો ઇનસાફ મલતો હતો. સરકારી અમલદારો પોતાના ધર્મ પ્રમાણે કામ કર્યા જતા હતા. તેઓ કોઇ લાંચ રૂશવત લેતા નહોતા. પ્રજા બધે પ્રકારે સુખી હતી બીરબલ અને તાનસેન એવા ઇંદ્રપુરી જેવા સોભાયમાન શેહેરમાં જોતા જોતા ચાલ્યા જાયછે તેઓના કપડાં રાજવંસી જેવા જોઇને લોકો તેમને માન આપતા. ત્યાં તેમને કોઈ ઓલખતો નહોતો કે તેઓ કોણ અને કયાંના રહેનાર છે. તેઓ દરબારનો રસ્તો પૂછતા પૂછતા આગલ ચાલ્યા આખરે તેઓ દરબાર આગલ આવી પુગ્યા. ત્યાં ઘણીજ ભીડ થઇ હતી, તેથી તેમને અંદર જવાને રસ્તો જડયો નહી. આખરે ચોબદારની નજર તેમના ઉપર પડી, તે તેમને પરદેશી જાણીને પાસે આવ્યો અને તેઓ કોણ હતા અને ત્યાં શામાટે આવ્યા હતા, એમ પૂછયું. તેઓ દિલ્હીથી અકબર બાદશાહનો કાગલ લઈને આવ્યા હતા એમ તેઓએ જવાબ આપ્યો, એકતો તેઓ દિલ્હીથી બાદશાહી સંદેશો લઇને આવેલા અને તેમના પોશાક રાજવંશી તેથી સીપાઇ તેમને દરબારમાં લઇ ગયો. તેમને થોડે દૂર ઉભા કરીને તે સીપાઇ પોતે રાજા ગયો, અને પોતાનું માથુ નમાવીને બોલ્યો, " ખાવિંદ ! દીલીથી અકબર બાદશાહનો સંદેશો લઇને તેની દરબારના બે અમીરો આવ્યાછે. આપ જો રજા આપોતો તેમને અંદર લઇ આવું " રાજાએ રજા આપ-

ર્યાથી તે તેમને આગલ લઇ ગયો. રાજાએ તેમને આસન આ-પીને બેસાડયા. દરબારનું કામ ખલાશ થયા પછી તેમના આવવાનું કારણ પૂછ્યું, તેના જવાબમાં બીરબલે, બાદશાહે આપેલો કાગલ આપ્યો તે ફોડીને વાંચી જોયું તો તેમાં આ પ્રમાણે લખેલું હતું. " બ્રહ્મદેશના રાજા જોગ " ' દીલ્લીથી લા૦ હિંદુસ્તાનનો સૌથી મોટો બાદશાહ, જેનુ રાજ ઉતરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના સઘલા દેશોમાં લંબાએલું છે, તે તમને આ કાગલ લખીને જણાવે છે કે મારી દરબારના આ બે માણસો તમારી તરફ કાગલ લઇને આવ્યા છે, તેમને કેટલાક ખાનગી કારણોને માટે ગરદન મારવા છે અને તે કામ ખાનગી રીતે કરવાનું હોવાથી અત્રે બની શકયું નહીં, તેથી તમારી તરફ એમને મોકલ્યાછે, તેમને ઉપર લખ્યા પ્રમાણે શિક્ષા કરજો. " વગેરે વગેરે.

પછી તેણે પોતાના વજીરને વાંચવા માટે આપ્યો તે પણ વાંચીને ઘણો અજાયબ થયો પછી રાજાએ તેનો શું વિચાર હતો તે પૂછ્યું. વજીર જે અતિશય ચતુર હતો, તેણે કહ્યું. " મહારાજ ! આ વાતમાં કાંઇ પણ ભેદ હોવો જોઇએ માટે એમને એક અઠવાડીયા સૂધી કેદમાં રાખવા પછી કરવું હશે તે કરીશું રાજાને તેની સલાહ પસંદ પડી પછી વજીરે સીપાઇઓને ઈસારત કરી. સીપાઇઓએ તેમને તરત પકડી લઇ હાથ પગમાં બેડીઓ નાખી દીધી. તાનસેન ના તો હાક્કાં બક્કાં થયાં. વજીરે તેમને એમ કરવાનું કારણ કહી સંભલાવ્યું. પછી તેમને કેદમાં લઇ જવાને ફરમાવ્યું. સીપાઈઓ તેમને લઈ ચાલ્યા. વજીરના હુકમથી બનેને એકજ ઓરડામાં કેદ કર્યા. સીપાઈના ગયા પછી તાનસેને બીરબલને કહ્યું, "ભાઈ બીરબલ ! આતો અહીં આવીને હવે ફસાઇ ગયા. આતો જીવ જવાની વાત છે. તારી કાંઇ ચાલાકી પહોંચતી હોય તો એનો કંઇ ઉપાય શોધી કહાડ,

નહીં તો આપણા બનેના જીવ જશે." બીરબલ તો મનમાં સમજી ગયો હતો કે, આ સઘળું બાદશાહે તેની હુશીઆરી જોવાને માટે કર્યું છે. પછી તાનસેનને ગભરાઇ ગયલો જાણીને તેણે કહ્યું. "ભાઇ તાનસેન, આપણા બચાવનો માત્ર એકજ ઉપાય છે અને તે લાગી જાયતો લાગી જાય નહીં તો પછી જીવ જવાનો તે ઉપાય એજ છે જે, જયારે આપણને ગરદન મારવાની જગાએ લઇ જાય ત્યારે આપણે એક બીજાથી અગાઉ મરવાની ઇચ્છા દેખાડવી. તેના કરતાં બીજી કોઇ સારી યુક્તિ મને સુઝતી નથી. માટે મેં જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે કરવાનું યાદ રાખજે. પછી તો જે કાંઈ બનવાનું હશે તે બનશે." એમ તેમ કરતાં તેઓએ એક અઠવાડયું કાઢયું. આઠમે દહાડે સવારના પહોરમાં તેમને સીપાઇઓ ગરદન મારવાની જગાએ લઈ ગયા. તાનસેન બહારથી તો ખુશી દેખાતો હતો, પણ અંદર હાએ બાપ કેમ થશે. એમ થતું હતું. ગરદન મારવાની જગાએ તેમને લઇ જઇને ઉભા કર્યા પછી, બીરબલ આગલ થયો અને મને પ્રથમ મારો એમ કહેવા લાગ્યો. તેને એ પ્રમાણે આગલ થતો જોઈને તાનસેન તેને પાછલ હડેલીને પોતે આગલ આવ્યો, અને મને પ્રથમ ગરદન મારો! એમ બેઉ જણે એક બીજાની પહેલાં મરવાની ઇચ્છા દેખાડવા માંડી. સીપાઈઓ તો આવો બનાવ જોઈને હસવા લાગ્યા. તેઓએ વિચાર્યું કે, આ લોકો દિવાના થઈ ગયા છે કે શું? પછી તેઓમાંનો એક સીપાઇ દોડતો દોડતો દરબારમાં ગયો. ત્યાં જઈને તેણે રાજાને બનેલી સઘલી વાત કહી સંભલાવી. આ વાત સાંભલીને વજીરે કહ્યું "જાંહપનાહ! મેં તો આપને તેજ વખતે કહ્યું હતું કે, એ વાતમાં કાંઇ પણ છુપો ભેદ હોવો જોઇએ, નહીં તો એવોતે કોણ હોય જે ખુશીથી મરવાની ઈચ્છા દેખાડે! માટે એમને અહીં બોલાવીને પુછવું જોઇએ. રાજાને પણ એ વાત પસંદ પડી. સીપાઈને

હુકમ કરવાથી તે તેમને ત્યાં બોલાવી લાવ્યો. પછી બીરબલ તરફ ફરીને વજીરે કહ્યું, "તમે એક બીજાની પહેલાં મરવાની ખુશી દેખાડો છો! તેનું કારણ શું છે તે કહો" બીરબલે કહ્યું, "તમને તે વાત કહેવાથી અમને ગેરફાયદો થશે, માટે અમે કહેવાના નથી." બીરબલના આ પ્રમાણે બોલવાથી તેમનો શકમાં વધારો થયો. રાજા અને વજીરે થોડા વાર વિચાર કરીને તેમને કહ્યું "જો તમે અમને એ વાત નહીં કહેશો તો તમને અમે જન્મ સુધી બંદીખાનામાં રાખીશું. માટે જે કાંઈ ખરે ખરૂ હોય તે કહીદો." બીરબલ જાણે એ વાત કહેવાને કેવાક દલગીર હોય, અને તે કહેવાને તેની જીભ ઉપડતી ન હોય એમ બહારથી દેખાડતો પણ અંદરખાનેથી તો ખુશી થઇ, બોલ્યો, "રાજા સાહેબ! જ્યારે તમે અમને એ વાત કહેવાને જુલમ પાડોછો ત્યારે કહ્યા વગર છુટકો નથી. પણ મને તો એમ લાગેછે કે, જેવું એ વાત કહીશ, તો મને ઘણોજ ગેરફાયદો થશે હશે! બનવા કાળ હશે તે બનશે. જુઓ સાંભળો અમારો બાદશાહ અકબર, તમારૂં રાજ્ય લેવાને ઘણા વરસ થયા ઇચ્છા રાખે છે, પણ તમે તેના કરતા વધારે બળવાન પડયા, તેથી તમારી સામે થઇને તો લઢી શકયો નહીં. પણ એક દિવસને સમે, જ્યારે દરબાર ભરાઇ હતી ત્યારે, બાદશાહે ત્યાં પોતાના મનની વાત કહી. તે વાત સાંભળીને અમારી સભામાં બેઠેલો એક પંડિત બોલ્યો કે, જો આ દરબાર માંહેલા બે માણસોનો જીવ તે રાજા લે તો તેના મરણ પછી જે પ્રથમ માર્યો ગયો હોય તે રાજા થાય અને બીજો તેનો વજીર થાય, અને તેઓ તે બાદશાહની તરફેણના હોવાથી રાજ્ય બાદશાહના હાથમાં આવે બધા લોકોની સંમતિથી અમને મોકલવાનો વિચાર થયો બાદ-શાહે ચીઠી લખી આપી, તે લઇને અમે અહીં આવ્યા. અમને મારવા મોકલવાનું એજ કારણ છે. હવે અમને વગર ઢીલ કરવે

ગરદન મારવાનું ફરમાવો " તેનું આવું બોલવું સાંભળીને રાજા ચોંક્યો. હવે કેમ કરવું તે બાબત તેણે વજીરનો મત લીધો. વજીર જે તેના કરતાં દોઢોડ ચતુર હતા તે બોલી ઉઠ્યો "ખુદાવંદ! એ લોકોના માહો માહેના કજીઆ ઉપરથી એ વાત ખરી હોય એમ લાગેછે. આપણે એમને મારીશું તેથી ઉલટી આપણને હાણિ થશે માટે જેમ એ લોકો કાગળ લઈને આવ્યા તેમ એમને અત્રથી જવાબ કહીને મોકલીશુ કાગળ લખી આપવાની કાંઇ અગત્ય નથી. (ગોતે કાગળ લખી જાણે એટલેજ તો!!) મોઢે મોઢ જે કાંઇ કહેવાનું છે તે કહીદો. (પોતાને બોલવાના સાંસાંજ તો!!) રાજાને આ યુક્તિ પસંદ પડી. તેણે કહ્યું "આપણે કાંઇ અકબરના તાબેદાર નથી, કે તેનો હુકમ બજાવીએ. (બીરબલ અને તાનસેન તરફ ફરીને) તમે તમને ગરદન મારવાને ખુશી નથી તો તમે તમારે દેશ પાછા જાઓ, અને તમારા રાજાને કહેજો કે, આ દેશનો સોથી મોટો રાજા કાંઇ તમારો તાબેદાર નથી, કે તમારો ફરમાવેલો હુકમ બજાવે. તમને જો ગરદન મારવા હોય તો તે પોતેજ પોતાના રાજ્યમાં મારે. અમે નિર્દોષને મારીને પાપી થતા નથી, માટે તમે જેવા આવ્યા હતા તેવાજ પાછા જાઓ" તાનસેનના મનમાં તો એવું થાયકે, ક્યારે અહીંથી છુટીએ પણ બીરબલ બોલી ઉઠ્યો, "અરે સાહેબ! અમો ગરીબ ઉપર દયા તો કરો!" પહેલાં અમને મારી નાખવાનું કહ્યા પછી હવે ફરી જાઓછો એ કાંઇ સારી વાત નહીં તમે હમારા બાદશાહનો એટલો હુકમ તો માન્ય કરો!! તમે જ્યારે અમને અમારી છુપી વાત કહેવાની ફરજ પાડી ત્યારે અમે તે કહી. હું તો અગાઉથીજ કહેતો હતો કે એમાંથી અમને નુકસાન થશે, અને તે થયું. પણ હજી પણ અમારી ઉપર દયા કરીને અમને ગરદન મારવાને માણસને હુકમ કરો! આ બધા વખત તાનસેનના પેટમાં તો જાણે જીવજ

ન હતા. તેઓ રફેદ પુરી જોયો અને ઉભો હતો. રાજાએ
બીરબલનું આવી રીતનું બોલવું સાંભળીને કહ્યું, “તું જેટલું
બોલશે તેટલું બધું વગર અર્થનું છે (એ તે જાણ્યા પછી કોઈ બીજું
નથી, તેમજ મેં પણ જ્યારે વાત સાંભળી ત્યારે હું કેમ હાથે
કરીને દુઃખમાં પડું! વળી અકબર મારા એક સઉથી નાના
વજીરની પદવીને પણ લાયક નથી, તે મને શું કરશે? માટે હું
તમને હુકમ કરૂં છું કે, તમો તરત આ ગામ છોડીને ચાલી
જાવું, નહીં તો કે મારા સીપાઈઓ તમોને મુશ્કે બાંધીને ગામ
બહાર કાહાડી આવશે” બીરબલે કહ્યું, ‘જ્યારે આપ નામદા-
રની એવીજ મરજી છે ત્યાંરે અમારો કાંઈ ઉપાય નથી. પણ
અમે જો હાથી પાછા જઈશું તો બાદશાહ અમારી ઉપર ગુસ્સે
થશે. પણ ત્યાં તમેજ ના પાડો છો એટલે નિરાશ થઈને પાછા
ફર્યા વગર છૂટકો નથી! એમ કહી જાણે પોતાને કેટલુંક નુકસાન
થયું હોય તેવો પોતાનો દેખાવ કર્યો. પછી તેની રજા લઈને
તેઓ બંને જણા ત્યાંથી નીકળ્યા. કેટલેક દિવસે દીલ્હી પોહોચ્યા.
બાદશાહ તો શું પરિણામ નીપજ્યો તે વિષે આતુરતાથીજ જાણવા-
નો હતો. જે વખતે તેઓ શેહેરમાં દાખલ થયા તે વખતે દર-
બાર ભરાયલી હતી, તેથી ઘેર જવાને બદલે તેઓ પાધરા દર-
બારમાં ગયા. બાદશાહે તેઓને આવકાર દઈને બેસાડ્યા પછી
ત્યાં શું બન્યું તે પૂછ્યું. તાનસેને કહ્યું, “સાહેબ જો બીરબલ
સાથે ન હતે અને બીજો કોઈ હોતે તો આજે અહીં આવવા
પામતે નહીં બીરબલની અક્કલ હુશીઆરીથીજ અહીં આવી
શક્યા. નહીં તો ત્યાંજ સો વરસ પુરા થયાં હતે.” એમ કહી
ત્યાં બનેલી બધી બીના કહી સંભળાવી. પછી બાદશાહે પોતાની
જાતના (મુસલમાન) લોકો તરફ ફરીને કહ્યું “મેં તમને તે
દિવસે કહ્યું હતું કે, એમાંથી વધારે હુશીઆર કોણ છે તે હું
તમને નજરે દેખાડીશ તે પ્રમાણે આ તમારીજ જાતનો જેની

તમે વખાણ કરતા હતા, અને જેને બીરબલની પદવી અપાવવા માગતા હતા. તેને મોઢેથીજ સાંભળ્યું, અને તેથી તમારી ખાત્રી પણ થઇ હશેજ? એટલા માટે હવે હું તમને કહી મુકું છું, અરે! સખત હુકમ કરી મુકું છું કે, તમારે હિંદુઓની અદેખાઇ કરવી નહીં. પણ હિંદુ અને મુસલમાન બેઉને એક સરખા ગણવા. હિંદુ પણ રૈયત છે તેજ પ્રમાણે મુસલમાન છે" ત્યારે તેઓમાંથી અગારખાન નામનો ઉમરાવ બોલી ઉઠ્યો, "ખુદાવંદ, હવે અમારી ખાત્રી થઇ કે. જેને જે છાજતું હોય તેને તેજ આપવું જોઇએ. પણ એક વાતનો અમને શક છે કે, હિંદુને અમે મુસલમાનોના બરોબરીઆ કેમ ગણીએ? તેઓતો કાફર લોકો છે અને ઘણા દેવોને માને છે. આપણા પવિત્ર કુરાનમાં તો એવુંજ લખ્યું છે કે. 'દેવ એકજ છે, માટે તેનેજ માનવો. જે ઘણા ઘણા દેવોને માને છે તે કાફર હોય છે' માટે એનો કાંઇ બંદોબસ્ત જો કરો તો અમે તમને અમારા બરોબરીના માનીશું." બાદશાહે કહ્યું, "તેનો ધર્મ તેને મનથી સારો છે. કોઇ પણ ધર્મની નિંદા કરવી નહીં. પોતાનો કોઇ પણ જાતનો ધર્મ હોય તે ઉપર પૂર્ણ એતેકાદ રાખવો જોઇએ. જે ધણી ધર્મ ઉપર એતેકાદ રાખતા નથી તે નર્કે જાય છે. માટે તમારે ધર્મની બાબત વચમાં લાવી કોઇને પણ નુકસાન કરવું નહીં. જે કોઇ પણ અમલદાર, અથવા સરદાર તેની વિરૂદ્ધ ચાલી કોઇને પણ વગર વાંકે દંડશે અથવા કાંઇ શિક્ષા કરશે તો તેને મારી મરજીમાં આવશે, એવી સખત શિક્ષા હું કરીશ." બાદશાહનું આવું બોલવું સાંભળીને બધા લોકો ચુપ થઇ ગયા

વાત ૪ થી

મુરખસે ગાંઠ પડી તો ક્યા કરના 'ચુપ રહેના'

અકબર અને બીરબલ વચ્ચે ધીમે મિત્રાચારી વધતી ગઇ. તેઓ ઘણી વખત તો એક બીજાની મશ્કરી પણ કરતા બીર

બલ લાગ ફાવે તો કોઈ ગરીબ ને કાંઇ શીખવીને બાદશાહ પા-
સેથી કાંઈ પણ મદદ અપાવતો. એક દિવસને સમે એવો બનાવ
બન્યો કે, અકબરનો ગુરૂ જે એક મોટો પીર હતો, તે મક્કા શે-
હેરથી નીકળેલો, ગામો ગામ ફરતો દીલ્હીમાં આવી પહોંચ્યો.
બાદશાહે તેને ઘણા આદરસત્કારથી પોતાના મહેલમાં ઉતારો
આપ્યો. તેની સેવામાં તે પોતે પણ હાજર રહ્યો. કેટલાક
દિવસ રહ્યા પછી તે જવા નીકળ્યો, ત્યારે બાદશાહે તેને કેટલોક
ખજાનો, તથા પોશાક વગેરે બીજી બેટો આપી તે તેણે વગર
અચકાયે લીધી. તેના ગયા પછી બાદશાહે બીરબલને પૂછ્યું.
અરે બીરબલ! જેમ આ પીર મારો ગુરૂ છે તેમ તારો કોઈ છે
કે નહીં અને હોય તો તે ક્યાં રહેછે તે તું જાણે છે કે નહીં
બીરબળ, જે સમયને વર્તનારો હતો તે બોલ્યો, 'મહારાજ, મારા
ગુરૂ ઘણા છે, અને તેઓ કોઈ આ દેશના રહેવાસી નથી. તે
થીજ તમારા દીઠામાં આવતા નથી પણ હાલમાં થોડુંક થયું
મેં સાંભળ્યું છે કે, મારા વચલા ગુરૂજી અત્રે પધાર્યાછે. પણ
તેઓ ક્યાં રહે છે તે હું જાણતો નથી કારણ કે તેઓ એવાતો
ઇચ્છા વગરના છે કે, મુજ જેવા રંક શિષ્યને ઘેર પધારતા
નથી." બાદશાહે કહ્યું, "બીરબળ, તારા ગુરૂજી એવા છે તો
મારે દર્શન કરવાની અપેક્ષા છે તે તું જેમ તેમ કરીને પૂરી કર"
બીરબળે કહ્યું " જ્યારે આપની એવીજ ઇચ્છાછે, ત્યારે તો
હું તેમને શોધી કહાડાવીશ, અને જો તેઓ તમને દર્શન આપ-
વાને ખુશી હશે તો તમને તેમની પાસે લઇ જઈશ." બાદશાહે
કહ્યું, એ કામ જેમ બને તેમ જલદી થવું જોઇએ." બીરબળે
કહ્યું " મહારાજ, તૈયાર છું," પછી ઘેર જવાની રજા લઈને તે
નીકળ્યો. રસ્તામાં તેને એક કઠીઆરો મળ્યો તે જંગલમાંથી
લાકડા કાપીને લાવ્યો હતો, પણ હજી સુધી તેનો કોઈ ખરીદ
નાર મળ્યો નહોતો, તેથી તે આમથી તેમ ભટકતો હતો. તેને

બીરબળે બોલાવ્યો તેના ભારાની કીંમત પુછી તેણે જેટલા પૈસા માગ્યા તેટલા આપવા કબુલ કરીને તે ખરીદ કીધો. પછી તે પોતાને ઘેર લઇ જવાને મસે તે તેને ઘેર તેડી ગયો. તેને પૈસા ચુકાવી આપ્યા પછી બીરબળે કહ્યું એ કઠીઆરા તારે દેખાવ ઉપરથી તું કોઈ ભલું માણસ એમ જણાય છે તારૂં આજ એક કામ પડયું છે તે જો તું કરશે તો હું તને પચાશ રૂપીઆ આપીશ." કઠીઆરાએ વિચાર્યું કે એક તો દિવાન છે એટલે જો પકડશે તો પણ ના પડાવાની નથી પણ આતો જ્યારે પૈસા આપવાનું કહેછે ત્યારે તો એનું જોઈએ તેવું અઘરૂં કામ હશે તે કરવું પડશે. પછી બીરબળ તરફ ફરીને કહ્યું, " અન્નદાતા! આપ જે કાંઇ કામ ફરમાવશો તે કરવાને શેવક તૈયાર છે." બીરબળે કહ્યું, " તારે હું આપું વેશ પહેરીને હનુમાનના મંદિરમાં જઈને બેસવું. ત્યાં બેઠે બેઠે માળા જપ્યા કરવી. કોઈની સાથે બોલવું નહીં. તેમજ સામે જોવું પણ નહીં ત્યાં તારી પાસે મોટા શેઠ, સાહુકારો, તેમજ અમીર ઉમરાવો પણ આવશે, અને વળી આપણા નામદાર બાદશાહ પણ તને જોવા વાસ્તે આવશે, તો પણ તારે બોલવું નહીં. તે તને બોલાવે તો પણ બોલવું નહી તારી પાસે સોના મોહોરોના ઢગલા કરે તો પણ તારે જોવું નહીં ફકત તારે માળા ફેરવ્યા કરવી એટલો બધો વખત હું ત્યાં છુપાયલો રહીશ. જો એમાં જરા ચુક્યો તો તારૂં માથું કપાવી નાખીશ. તે યાદ રાખજે." એમ કહીને તેને શરીરે રાખ ચોળાવી. ને કોપીન પહેરાવ્યું અને માથે બનાવટ ભરેલી જટા બાંધી એ પ્રમાણે તેને એકદમ અદભૂત જોગીનો અવતાર બનાવી લીધો. બીરબળે તેને જે કાંઇ કહ્યું તે તેણે કર્યું, પછી તેને હનુમાનના મંદિરમાં લઇ જઇને મૃગ ચર્મ પાથરી આપીને બેસાડયો. અને ફરીથી શીખામણના બે બોલ કહીને ત્યાંથી બાદશાહ આગળ ગયો. બાદશાહ કેટલાક અ[illegible]ર

ઊમરાવ અને મુસલમાન તેમજ હિંદુ સરદારો સાથે બેઠો હતો, ત્યાં બીરબલ જઈ લાગ્યો. કહ્યું, "ખુદાવંદ! મારા ગુરૂજી મને મળ્યાછે. તેમની પાસે તમારા વિષે વાત કરતાં, તમને પોતે મળવાની ઈચ્છા દેખાડી. મેં તમને તેડી લાવવાનું વચન આપ્યું પણ તેમણે એક વાંધો લીધોછે કે મારે તમારી સાથે ત્યાં જવું નહીં અને જો હું તમારી સાથે ત્યાં આવું તો તેઓ મારી ઉપર ગુસ્સે થઈને કદાચ શ્રાપ આપે તેથી તમે ત્યાં જાઓ. અકબરે પુછ્યું, "તેઓ ઉતર્યાછે ક્યાં?" બીરબલે કહ્યું "મોટા હનુમાનના દેવળના એક ખુણામાં બજારની બાજુએ." બાદશાહ તો પોતાની સાથે વજીર ઉમરાવ વગેરેને લઈને ત્યાં જઈને જુવેછે તો એક બાવો આખા શરીરમાં રાખ ચોળી બેઠો બેઠો માળા ફેરવેછે, અને કોઈના સામે નજર કરી જોતો પણ નથી. બાદશાહ અને તેની સાથે બીજા માણસો જઈ તેને પગે લાગી તેની સામે બેઠા બાદશાહે હાથ જોડીને તેની સ્તુતિ કરી પછી પુછ્યું, "મહારાજ આપનું નામ અને આપના ગામનું નામ જો કૃપા કરીને નિવેદન કરશો તો મુજ ગરીબ ઉપર કૃપા કરી કહેવાશે." બાવાજીએ જવાબ ન આપતાં હાથમાંની માળાનો એકેક પારો ફેરવવાનું ચાલુ રાખ્યું. થોડી વાર રહીને ફરીથી હાથ જોડી બાદશાહે નમ્રતાઈથી કહ્યું. "મહારાજ હું આખા ભરતખંડનો રાજા છું, તેથી તમારે કાંઈ પણ બોલવું જોઈએ. તમારા મનની ઈચ્છા હશે તે હું પુરી પાડવાને સમર્થ છું" વગેરે રાજાએ ઘણી ઘણી વિનંતી કરી પણ બાવાજીએ તો કાંઈ પણ જવાબ આપ્યો નહીં. બાદશાહે વિચાર્યું કે, આ બાવા તો કોઈ લોભી હોય એમ દેખાયછે, તેથી તરતજ તેની પાસે એક લાખ રૂપીઆ ભેટના મુકીને કહ્યું. "મહારાજ હવે મારા સાથે કાંઇ બોલીને મને આશીર્વાદ તો આપો" તોપણ ગુરૂજી તો કાંઇ બોલ્યો નહીં. એટલુંજ નહીં પણ ધનના ઢગલા સામા નજરે ન કરી. હવે બાદ-

શાહથી ધીરજ ખમાઈ નહીં તેથી તે અડધું ન સંભળાય એમ બોલ્યો, 'આ ગુરૂતો કોરા અજ્ઞાની પશુ જેવો છે તેથી એની સાથે માથું ફોડવામા કાંઈ સાર નથી." પછી તે પૈસા બીરબલને ઘેર મોકલી આપ્યા. કારણ કે, બાદશાહે એક વખત જે દાન કર્યું એટલે તે પાછું લેતા નહોતા, પછી પે ને નિરાશ થઇ કચે-રીમાં પાછો આવ્યા. કચેરી બરખાસ્ત થઇ અને જ્યારે તે અને બીરબલ એકાંતમાં વાતો કરતા બેઠા હતા ત્યારે ત્યાં બનેલી બધી હકીકત તેણે તેને કહી સંભળાવીને પુછ્યું, "અરે બીરબલ મૂર્ખાને ગાંઠ પડી તો શું કરવું!" બાદશાહના આવા જવાબ સાંભળીને અજાયબ થઇ ગયો. પછી પોતે મનમાં વિચાર્યું કે, મ બીરબલના ગુરૂને [illegible] "ચુપ રહેના" એમનો અર્થ [illegible] તેના [illegible] પોતાનું [illegible] જાણ્યું કે મેં [illegible] ધન [illegible] [illegible] આપી તો પણ તેણે [illegible] અને ધન [illegible] [illegible] અને [illegible] ચુપ [illegible]. માટે હવેથી ચાલવું તો વિચારીને ચાલવું. [illegible] જરૂર, તો હંમેશ નમનતામાંજ રહેવું. હું [illegible] ગુરૂના [illegible] તેથીજ મુરખ [illegible] પછી બીરબલને [illegible] આપ તેની ક્ષમા માગવાને ગુરૂ [illegible] મોકલ્યો. બીરબલનો તો [illegible] હતું. તે ત્યાંથી નીકળીને મંદીરમાં આવ્યો આ વખતે રાત પડી ગઇ હતી તેથી ત્યાં [illegible] માણસોની અવર જવર હતી નહીં તે લાગ સાધીને બીરબલ તેને [illegible] કરી પો-તાને ઘેર લઈ ગયો. ત્યાં તેણે કરેલાં કામની માફી આપી પોતાની કબુલાત પ્રમાણે તેને સાલ પાઘડી સાથે એકસો રૂપી-આ આપી રાજી કર્યો અને તે દિવસની વાત કોઇને પણ ન કહેવાની તેને ધમકી આપી. તે હકીકત [illegible]

રૂપીઆ કોઇ દિવસ એકદમ દીઠેલા નહીં, તેથી તે એકદમ હરખાઇ ગયો, પછી બીરબલને પગે લાગીને ત્યાંથી જતો રહ્યો.

વાત ૫ મી

દીવાન બીરબલ અને કાણીઓ હજામ !

એક વખત એવો બનાવ બન્યો હતો કે, કોઇ ચોક્સ અમીર, કોઇ એક હિંદુ અબળા ઊપર જુલમ કરતો હતો. સારા ભાગ્યે તે જગા ઉપરથી બીરબલનું પસાર થવું થયું. આ વખતે બીરબલ છુપા પોશાકમાં હતો. તણે મુસલમાની વેશ લીધો હતો. ગામ ચરચા જોતો જોતો તે ત્યાં આવી ચડ્યો હતો. પેલો અમીર તે જુવાન સ્ત્રી ઉપર હાથ ચાલાકી ઘણી કરતો હતો, પણ પેલી તેને મચક આપતી ન હતી. તે સ્ત્રી એક કુમારીકા હતી, અને અતીશય રૂપને લીધે પેલો અમીર તેની ઉપર મોહિત પડ્યો હતો. તે પોતાના મનનાં બુરા હવસોની મોજ ભોગવવાને ઇચ્છતો હતો. પેલી કુમારીકા એ વાત જાણતી હતી. તેથી તેનાથી ડરીને દુર ચાલતી. પણ ભાવી પ્રબલ હોવાને લીધે આ વખતે તે તેના હાથમાં સપડાઇ ગઇ હતી. આ વખત બીરબલ ત્યાં જઇ પહોંચ્યો. બીરબલને ન ઓલખતાં પેલા અમીરે કહ્યું "ભાઇ તું મુસલમાન છે એમ તારા પોશાક ઉપરથી લાગેછે. જો તું ખરો મુસલમાન હઇશ તો આ વખતે તું મને મદદ કરીશ. આ સ્ત્રી મારી પોતાની છે, અને એક કાફર (હિંદુ) સાથે નાશી જતી હતી અને તે વિષે જ્યારે મને ખબર પડી ત્યારે મેં એને પકડી પાડી. હવે એ કહેછે કે હું હિંદુ છું, માટે જો તું મને મદદ આપેતો હું એને જેમ તેમ કરીને ઘેર લઇ જઇશ. હું સરદારખાન નામનો અમીરછું. અને મારૂં મકાન અત્રેથી નજદીકછે." તેનું આવું બોલવુ સાંભળીને બીરબલે કહ્યું.

"એમ કે!! ઠીક છે ત્યારે હું તમને મદદ કરીશ! પણ મને મારી મેહેનતના બદલામાં તમે શું આપશો? સરદારખાને કહ્યું "જો તું મારૂં આ કામ પૂરૂં બજાવી આપીશ તો હું તને ખુશી કરીશ." બીરબલે કહ્યું. "ઠીક છે ત્યારે પણ હું જરા આ સ્ત્રીને સમજાવું જો તે એમને એમ આવવાને કબુલ થાય તો ઠીક છે નહી તો પછી આપણે જોઇ લઇશું માટે તમે થોડા દુર ઉભા રહો. સરદારખાન જે પ્યારથી આંધળો બની ગયો હતો તેણે આ કબુલ કર્યું, તે થોડો દુર ગયો એટલે બીરબલે પલી સ્ત્રીને પુછ્યું, હે સ્ત્રી, તું કોણ છે તે તે મારી પાસે ખરેખરૂં કહી દઇશ તો તારો હું તરત છુટકારો કરીશ હું બીરબલ પોતે છું, અને ગામમાં શું થાયછે તે જોવાને આવો છુપે વેશે નિકળ્યો છું, માટે મારી આગળ કાંઇ પણ છુપાવ્યા વગર ખરેખરૂં કહીદે." બીરબલનું નામ સાંભળી પેલી કુમારીકાને હીંમત આવી, તેને કહ્યું, "હું એક બ્રાહ્મણની કુંવારી છોકરી છું, મારૂ નામ મહાલક્ષ્મી છે. આ મુસલમાન અમીર કેટલાક દિવસ થયા મારી પછવાડે લાગી મને હેરાન કરેછે. આજે હું એના હાથમાં અહીં સપડાઇ ગઇ છું. મારી ઉપર તમે દયા કરીને મને છોડાવશો તો પરમેશ્વર તમારૂં ભલું કરશે. એ દુષ્ટ મારી લાજ લુટવા આવ્યો છે તેથી એનું પરમેશ્વર સત્યાનાશ વાળશે." બીરબલે તેને ધીરજ આપી જે થાય તે જોવા કહ્યું પછી સરદારખાનને પાસે બોલાવીને કહ્યું, "અમીર સરદારખાન! તમે રૈયતના જાન માલનો બચાવ કરનાર અમલદાર થઇને એક નીરદોશ બ્રાહ્મણની છોકરીને ખરાબ કરવા માગો એ કાંઇ સારા માણસની રીત છે? સરદારખાને કહ્યું, "અરે એતો ખોટા ઢોંગ કરેછે," બીરબલે કહ્યું, નહીં તમારૂં કહેવું ખોટું છે, આ શ્રી રામશંકર શાસ્ત્રીની છોકરી છે. તમારેથી એને હવે મારા દેખતા હાથ લગાડશો નહીં શું તમે બાદશાહના હુકમ

ભુલી ગયાકે, કોઇએ પણ કોઇની ઉપર જુલમ ગુજારવો નહીં. માટે હું તમને કહુંછું કે આગ્રામાં મુગા મુગા ઘેર ચાલ્યા જાઓ. નહીં તો કાંઇ વધારે ફજેતામાં પડશો?

બીરબલનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને સરદારખાને કહ્યું અરે નિચ! તું લુચ્ચો દેખાયછે! મને દુર મોકલીને તેં એને સમજાવી લીધીછે પણ ફીકર નહીં હું એને તારા હાથમાં જવા નહીં દઉં એ ખુબ રેરેશ યાદ રાખજે. એમ કહીને તેણે તરવાર કાહાડી બીરબળે તરતજ પોતાનો મુસલમાની પોશાક કાહાડી નાખ્યો અને પોતાના પોશાકમાં જાહેર થયો. સરદારખાન તો તેને જોઇને એકદમ ગભરાઇ ગયો. તેના હાથમાંથી તરવાર પડી ગઇ. તેનામાં બોલવા ચાલવાની શક્તિ રહી નહીં. બીરબળે કહ્યું, 'અમીર સરદારખાન! તમે મારા કેદી છો. માટે મારી સાથે ચાલો. તમને પ્રજાનું રક્ષણ કરવાને નિમેલા છે ને છતાં તમે આવું કામ કરે છો. ધીક્કાર છે તમને!' અમીર સરદારખાન મોઢામાંથી એક બોલ પણ બોલી શક્યો નહીં. મુગો મુગો તે તેની પાછળ ચાલ્યો. બીરબલે પેલી કુમારીકાને કહ્યું "હે મહાલક્ષ્મી, તું હાલ રાતને વખત તારે ઘેર ક્યાં જશે? મારે ઘેર ચાલ સવારના તારા બાપને બોલાવી તેને સઘળી વાત સમજાવીને તારે ઘેર મોકલીશ." બીરબલને તેના પોતાના પોશાકમાં જોઇને ઓળખ્યો, તેથી તેની સાથે ખુશી થઇને ગઇ. બીરબલ બંનેને લેઇને પોતાને ઘેર ગયો. ત્યાં પેલી છોકરીને પોતાની બહેન સ્વાધીન કીધી અને સરદારખાનને એક ઓરડામાં કેદ કર્યો પછી બીજે દીવસે તેને દરબારમાં ચોકી પહેરા નીચે હાજર કર્યો. બાદશાહને તેમજ બીજા દરબારીઓને આ બાબત કંઇ ખબર નહતી તેથી તેઓ ઘણાજ અજબ થયાં. બાદશાહે તેનું કારણ પુછવાથી બીરબલે બધી વાત કહી સંભળાવી. આ સાંભળીને બાદશાહ એક છેડાયલા વાઘના

કહેવા ગુસ્સે થઈ ગયો તે બોલ્યો. અરે દુષ્ટ સરદારખાન! તને મેં આવો મોટો હોદ્દો આપ્યો તો તેં આવું કરમ કર્યું! ધીક્કાર છે તને! જા દુષ્ટ મને તારું મોં બતાવીશ નહીં. ઔરંગઝેબ એને એકદમ બંદીખાનામાં નાખવાનો હુકમ કર? બાદશાહના હુકમ સાંભળતાંજ ઔરંગઝેબે સિપાઈને હુકમ કીધો. તેઓ તેને બંદીખાનામાં લઈ ગયા. બીજા બધા અમીર અને ઉમરાવો આ વખતે થરથર કાંપતા હતા. ભર કચેરીમાં બીજે દિવસે સરદારખાનનો ઇનસાફ કીધો તેમાં તેને [illegible] મારી. આ બધું કામ ઔરંગઝેબે કીધું હોવાથી મુસલમાન અમીર ઉમરાવો અને સરદારો તેની ઉપર ગુસ્સે થઈ ગયા હતા. તેઓ તેની સામે છૂપી રીતે એક સંપ થયા હતા. તેઓ તેને ઉખેડી નાખવા માગતા હતા પણ તેમ બનવું મુશ્કેલ હતું. અકબર તેમનું [illegible] [illegible] [illegible] ઔરંગઝેબ ઉપર [illegible]. ઔરંગઝેબને જ્યારે તેઓ કાંઈ કરી શક્યા નહીં ત્યારે તેમણે [illegible] હજામ [illegible]. હજામને મોટી મોટી પૈસાની લાલચ આપવાથી તેણે એ કામ કરવાનું માથે લીધું. એક દિવસે બાદશાહની હજામત કરતાં કરતાં તેણે વાત કહી. તે બોલ્યો, "મહારાજ તમારા બાપદાદાઓને સ્વર્ગમાં ગયાને ઘણા વરસો થયા છે, અને ત્યારથી ત્યાં [illegible] અને [illegible] તમે [illegible] વહીવટની [illegible], પણ તેમના તમે કાંઈ સમાચાર પુછાવ્યા નથી! એ સારું કામ કર્યું નથી! નહીં તો તેઓ કદાચ ગુસ્સે થઈ જાય તો તેમાંથી વખતે ખરાબી થાય." બાદશાહે આ સાંભળીને કહ્યું, એ વાતનો હવે મને પણ વિચાર આવે છે! પણ ત્યાં મોકલીએ કોને? કદાચ જનાર તૈયાર હોય તો તે સ્વર્ગમાં જાય કેવી રીતે? તેનો કાંઈ વિચાર કીધો. હજામે જવાબ દીધો. મહારાજ મોકલવા કોને તે તો આપ જાણો પણ જવાની યુક્તિ તો મને ખબર છે

તે તેને હુકમ થાય તો કહું ? રાજાએ કહ્યું જો તને તે વિષે ખબર હોય તો બેલાશક કહે. બારગલે કહ્યું, જે માણસને મોકલવો હોય તેને શહેર બહાર સ્મશાનમાં બેસાડી તેની ઉપર સવા લાખ પુળા ઘાસના મુકવા ! તેનો આકાર મિનારાના જેવો કરવો. પછી તેને સળગાવી દેવો એટલે તે માણસ તેના ધુમાડા સાથે આકાશમાં ચઢી જશે (મનમાં અને અહીંથી પીડા ટળશે" બાદશાહે કહ્યું, "તારી યુક્તિ છે તો સારી પણ કોને મોકલવો તે કહે એટલે થયું !" હજામે કહ્યું, "ખુદાવંદ ? આપની નોકરીમાં હજારો માણસો હાજર છે, તેમાંથી આપ જેને હુકમ કરો તે જશે. પણ આ કામ કોઈ અનાડીનું નથી પણ કોઈ હુશીઆર, ચતુરનું છે. મોકલો તો આપની નજરમાં આવે તેને ?" (નામ કહેવાની આના કાની) બાદશાહે કહ્યું. "તારી નજરમાં જવા લાયક કોણ જણાય છે તે કહે" હાજીઆએ કહ્યું, સાહેબ, મારી નજરમાં તો બ-બ-બ-બ-બીર બલ જેવો તો કોઈ જણાતો નથી પછી તો આપની ઇચ્છા" બાદશાહે કહ્યું, એતો ખરું ! પણ બીરબલ જાય ત્યારે તેની વગર અહીં કામ અટકી રહે તેનું કેમ કરવું. હજામે કહ્યું, તેની જગા ઉપર થોડા દિવસ બીજો કારભારી નેમીને તેનું કામ ચલાવી લેજો. સેવકને કહેશો તો તે પણ તૈયાર જ છે !" બાદશાહે કહ્યું "કેમ બચ્ચા ચસકી કે તને દિવાનની જગા લેવાનું મન થયું છે કે !" હજામે કહ્યું "નારે મહારાજ ! એ તો હું અમસ્તો કહેતો હતો ! તમે જરા કહો તો હું પોતે જાઉં પણ શું કરૂં ? હું હલકો માણસ પડયો, જો તમે એ વિચાર માંડી વાલશો તો પિતૃઋણ તમારી ઉપર રહી જશે. જ્યારે બીરબલને ત્યાં જવાનું કહેશો ત્યારે તે બહાના દેખાડી છટકી જવાનું કરશે પણ તમે જરા વધારે આગ્રહ કરશો તો જશે. કદાચ તમે તેને નહીં મોકલો તો વડીલો તમને બેવચની ધારી શાપ આપશે ! પછી તો આ-પની ઇચ્છા ! અકબરે કહ્યું, "ઠીક છે હું જોઈશ" પછી હજા-

આને જવાનો હુકમ મળવાથી તે તો ખુશી થતો ગયો, જ્યાં અમીર અને ઉમરાવો બધા એકઠા મળીને બેઠા હતા ત્યાં જઈને વધામણી કહી. તે લોકો પણ ખુશી થયા. પછી દરબાર બરાબર ભરાઈ હતી ત્યારે બાદશાહે બીરબલને કહ્યું, " હે બીરબલ આજ કેટલાક વરસ થયા, મેં મારા વડીલોના સમાચાર પૂછાવ્યા નથી. મારી એવી મરજી છે કે, તું જઈને તેમની ખબર પૂછી આવ" બીરબલે મનમાં કહ્યું કે આતો ફસાયા પણ ફીકર નહીં (બાદશાહને) " ખુદાવંદ ! હું જવાને તો તૈયાર છું ! પણ જવાનો રસ્તો નથી તેનું કેમ કરવું ' જો કદાચ જવાના રસ્તાની ઓળખાણ થાય તો હું ઘણી ખુશીથી જઈશ. " અકબરે કહ્યું, " જવાની યુક્તિ તો કાણીઆ હજામે કહી છે ને ઘણી સારી છે : તે એ છે કે, તને એક ઠેકાણે બેસાડી ઉપર સવાલાખ ઘાસના પુળા ખડકવા. પછી તેને સળગાવી દેવા તેની અંદરથી જે ધુમાડો નીકળશે તેની સાથે ઊંચે સ્વર્ગમાં ચઢી જશે ! માટે તું તૈયાર થા. " આ સાંભળીને બીરબલે વિચાર્યું કે, આ બધા કારસ્થાન કાણીઆ હજામના છે. ઠીક છે આપણે તેને જોઈ લઈશું." પછી બાદશાહને કહ્યું, ખુદાવંદ ! એવી તજવીજ છે ત્યારે તો હું જવાને તૈયાર છું. પણ માત્ર એકજ અડચણ છે. તે એ કે હું સ્વર્ગમાં જઈશ ત્યાં તમારા વડીલો થોડા દિવસ વધારે રોકી રાખે તો રહેવું પડે, તથા મારે મારા કુટુંબના નિભાવનો બંદોબસ્ત કરવો જોઈએ તેમને ખરચી વાસ્તે એક લાખ રૂપીઆ આપો તો હું સરસામાન લાવી મુકું, અને એક મહિનાની અંદર સઘળી તૈયારી કરૂં " બાદશાહે તેનું કહેવું બધું કબુલ કર્યું. પછી ઘેર જઈને બીરબલે તજવીજ કરવા માંડી. પોતાના ઘરથી તે સ્મશાન સુધી એક ભોંયરૂં તૈયાર કરવાનું કહ્યું. કડીઆએ તે કામ ઘણી ખુશીથી માથે લીધું. કામ એવું તો છુપા છુપ થયું કે આડોશી પાડોશી કોઈને ખબર પડી નહીં. વિશ દિવસમ,

તો ભોંયરૂં તૈયાર થયું. મસાણમાં એક દરવાજો રાખ્યો અને બીજો ઘરમાં. સ્મશાનનો દરવાજો એવો તો ગુપ્ત રાખ્યો હતો કે, કોઇને ખબર પડે નહીં. પછી જ્યારે એક મહિનો પુરો થયો ત્યારે બીરબલ બાદશાહ પાસે ગયો. બાદશાહ પાસે જઇને કહ્યું કે, હવે મોકલવાની તૈયારી કરો. બાદશાહ અને બીજા દરબારીઓ સ્મશાનમાં ગયા. કાણીઓ હજામ તો જાણે પોતે એક મોટો વાઘ માર્યો ન હોય એવો ફુલાતો હતો. બાદશાહે બીરબલને તેને પસંદ પડે તે જગાએ બેસવાનું કહ્યાથી, બીરબલ પોતાના દરવાજા વાળી જગાએ જઇને બેઠો, બાદશાહે હુકમ કર્યો કે આ હજામ જેમ ઘાસના પુળા ખડકવાનું કહે તેમ ખડકો. સીપાઇઓએ તૈયાર રાખેલા ઘાસના પુળા તેના ઉપર ખડકયા. થોડા ઘણા પુળા ખડકાયા એટલે બીરબલ તરતજ પોતાના ભોંયરામાં ઉતરી ગયો. જેમ જલદી થયું તેમ ઘેર જઇ જુદો પોશાક પહેરી લીધો અને સ્મશાનમાં શું થાય છે તે જોવા ગયો. તે ગયો ત્યારે ઘાસ બધું ખડકાઇ રહ્યું હતું. પછી બાદશાહના હુકમથી તેને સળગાવવામાં આવ્યું. ઘાસ સળગ્યું અને મોટો ભડકો થયો. કેટલાક હિંદુ જેઓ સમજુ હતા તેઓ બોલતા હતા કે બાદશાહ મુરખ છે. નકામો તેણે પોતાના દિવાનનો જીવ લીધો. શું તે મરી ગયો તે પાછો આવશે! ના હવે તો આવી રહ્યો. હશે! બીચારાના નશીબમાં એવુંજ લખ્યું હશે. આ સાંભળીને બીરબલ આગળ ચાલ્યો, ત્યાં મુસલમાન સરદારો વગેરે વાતો કરતા હતા. ચાલો! સારૂં થયું! પાપ ગયું! હવે કોઇ મુસલમાન દિવાન થશે એટલે આપણને મજા પડશે. એને એજ શિક્ષા લાયક હતી, અને તે તેને મળી!!! ત્યાંથી આગળ ચાલ્યો તો કાણીઓ હજામ વચમાં અને આસપાસ મુસલમાનો ઉભેલા હતાં. કાણીઓ ડફાંસ મારતો હતો, એ તો બધા બંદાના કામ! ચાલો અમીર ખાન સાહેબ!! હવે મને રાજી કરો!

જુવો કેવી ગમત થઈ !" બીચારો અંદરને અંદર ગુંગળાઈ મરતો હશે આ સાંભળીને બીરબલે દાંત કચકચાવી મનમાં કહ્યું, બચ્ચા તારી બારી હવે પછી છે ! તું શા વસ્તે ગભરાયછે !! જ્યારે ઘાસ બધું બળી રહ્યું ત્યારે બધા લોકો ઘેર ગયા. બીરબલ પણ જઈને પોતાના એકાંત ઓરડામાં બેઠો. દરરોજ રાતને વખતે વેશ બદલીને ગામમાં ફરવા નીકળતો. એમ કરતાં કરતાં ૭ માસ થયા ત્યારે તેણે જાહેર થવાનો વિચાર કર્યો. માથાના અને દાઢીના વાળ છ છ મહિના થયા ઉતરાવ્યા નહતા તેથી વધી ગયા હતા તે એમના એમ રાખીને નવો પોશાખ પેહેર્યો થોડા ઘણા ઘરેણા પણ ઘાલ્યા. માથા ઉપર ફેંટો બાંધી લીધો અને એવા વેશે દરબારમાં આવ્યો રસ્તામાં જે કોઈ તેને દેખતું તે અજાયબીમાં પડતું કે એ કોણછે! પણ કોઈ તેને ઓળખી શક્યું નહી. દરબારમાં આવીને તે બાદશાહની સામે જઈને ઉભો રહ્યો. બાદશાહ સુદ્ધાં તેને ઓળખી શક્યા નહીં તેણે કહ્યું, "ખુદાવંદ, હું બીરબલ પાછો આવ્યોછું !" બાદશાહ હવે તેને તરત ઓળખ્યો તે બોલી ઉઠ્યો, "અહો ! બીરબલ તું આવ્યો કે? કેમ મારા વડીલો ત્યાં બધા રાજી ખુશીમાં છે ! તેઓ ત્યાં એટલું તો શુખ ભોગવેછે કે તેનું હું વર્ણન કરી શકતો નથી ! જ્યારે તેમને મેં તમારા સમાચાર આપ્યા ત્યારે તો "આપણા પુત્રે સમાચાર પુછાવ્યાછે" એમ જાણીને તેમને અત્યાનંદ થયો. હું તમારો દિવાનછું એ જ્યારે તેઓએ જાણ્યું, ત્યારે તો તેઓએ મારો ઘણી સારી રીતે આદરસત્કાર કર્યો. તેમની દોલત ઈંદ્રના જેટલીછે ! તેઓ ઈંદ્રની જેમ ત્યાં રાજ કરેછે એટલું સુખ છતાં તેમને એક વાતનું મોટું દુ:ખ છે તે એ કે ત્યાં હજામ મુદ્દલ નથી. તેમનાં વાળ વધી જઈને જમીન ઉપર પડે એટલા લાંબા થઇ ગયાછે. આ મારા પોતાનાજ હાલ જુવોની કે છ મહીનામાં કેવા વધી ગયાછે. હું જ્યારે અહીં આવવા નીકળ્યો

માટે તેઓએ ઘણી કાકલુદી કરીને કહ્યું છે કે, અભાગા પુત્રને કહેજે કે અમે આહીં હજામ વગર ઘણા દુઃખી થઈએ છીએ તેથી જો કોઈ હુશીઆર હજામ હોય તેને તુરત મોકલો. બીજું તેઓ કેટલુંક નજરાણું તમારા વાસ્તે મોકલતા હતા, પણ વળી વિચાર કરવી નાખ્યો કે જ્યારે હજામ આવશે તેને પાછો મોકલીશું ત્યારે આપશું માટે મારો તો એવો વિચાર છે કે, જો કોઈ હજામ આવે જાયના ઢીલ કરવી નહીં! પછી તો આપની ઇચ્છા." આવી રીતનું બોલવું સાંભળીને બાદશાહે કહ્યું, 'તું કહે છે તે ખરૂં પણ મોકલવો કોને તે વિચાર થાય છે.' બીરબલે કહ્યું, 'સાહેબ આપણો કાંગ્યાઓ હજામ સૌથી હુશીઆર છે. તેની જોડી મળવી મુશ્કેલ છે!! માટે તેને મોકલ્યો હોય તો વધારે સારૂં! ઘાસના ધુમાડા સાથે જવું બહુ સહેલું પડે છે" બાદશાહે તો કાંગ્યાને બોલાવીને બધી વાત કહી સંભળાવી. બીરબળને પાછો આવેલો જોઈને તો તે ઘણોજ અજાયબ થયો. પણ ગયા વગર તેનો છુટકો નથી એમ જાણીને તે દીલગીર થયો. તેણે વિચાર કર્યો કે. હવે તો નિશ્ચય મરવાનો વખત આવ્યો. જેમ બીરબળે એક મહિનાની મુદત માગી હતી તેમ હું પણ માગું તેટલા વખતમાં બનશે તો ક્યાં દુરના દેશમાં નાશી જઈશ. પછી અહીં જે થવાનું હોય તે થાય. એમ વિચારીને તેણે બાદશાહ સામે હાથ જોડીને કહ્યું. "ખુદાવંદ, હું જવાને તૈયાર છું! પણ મને જો તમે એક મહિનાની રજા આપો, તો હું ઘરની તજવીજ કેરી લઉં જેમ બીરબળને વધારે દહાડા રાખ્યા તેમ મને રાખો તો ઘરમાં પછી બાપડી છોકરાં ભુખે મરી જાય! માટે કાંઇ મહેરબાની કરશો ઠીક!?" બાદશાહે કહ્યું, "તું કહે છે તે બધું ખરૂં. પણ ત્યાં મારા બાપ દાદા હજામત વગર દુઃખી થાય છે તેથી તું જેમ જલદી જાય તેમ વધારે સારૂં. જા હું તને આઠ દહાડાની મહેતલ આપું છું તું એક મહીનાની તૈયારી કરી મુક. ત્યાં તને

ત્યારે દહાડા લાગ્યા તો તારા કુટુંબનું પોષણ સરકારી ખરચે થશે. ફીકર તો જા આઠમે દિવસે હજામત કરવાના હથીઆર લઈ ને આવ. હજામે વિચાર કીધો કે, આઠ દિવસ તો આઠ દિવસ આઠ દિવસમાં તો નાહીશું ને કરીશું ! ! ફીકર નહી ! પછી આ ફરમાનની રજા લઈને તે તો ઘેર જવાને નીકળ્યો. આ બધા વખત બીરબળની નજર તેની તરફ હતી. તેના ચેહેરા ઉપરથી બીરબળે પારખી કાઢ્યું કે, હજામની ઇચ્છા ખરાબ છે. કંઈ હુન્નર કરવા માગે છે તેથી તેની સંભાળ રાખવી. પછી પોતાના એક અમલદારને બધું સમજાવી મુક્યું કે જ્યારે કાણીઓ હજામ દરબારમાંથી બહાર નીકળ્યો તેવોજ પેલો અમલદાર તેની પાછળ ગયો. કાણીઆએ ઘેર જઈને પોતાની બાયડીને બધી હકીકત કહી સંભળાવીને કહ્યું કે, હવે તો નાશી જવાની કંઈ ગોઠવણ કરવી જોઈએ. એટલામાં તેનો છોકરો બહારથી આવ્યો તેણે આવતાં વેંતજ કહ્યું કે, બાપા નાકે કોઈ સીપાઈ આવીને બેઠો છે. આ સાંભળતાંજ કાણીઆએ કહ્યું, હાર માર્યા! બીરબળે મોકલ્યો હશે: હવે બચવાનો ઉપાય નથી" તેની સ્ત્રીએ કહ્યું, અરે એમાં તે શું ડરો છો ! બીરબલ પણ ગએલા પાછો આવ્યા ને શું ! તેમ તમે પણ આવશો ! ! માટે હીમત રાખો" કાણીઆએ કહ્યું, " અરે તેની ઉપર તો દેવીના હાથ છે તેથી તે આવ્યો, પણ હું તો નિશ્ચે મરવાનો. કરને જે અહીંનું આવીજ છે. મેં ખાડો ખોદ્યો અને તેમાં હુંજ પડ્યો. હશે, બનવા કાળ હશે તે બનશે." એમ તેમ કરતાં સાત દિવસ કાહાડ્યા. આઠમે દિવસે સવારના પહોરમાંજ તેને બોલાવવા માણસ આવ્યું. કાણીઓ તો હથીઆર લઈને ત્યાં ગયો. તેને સ્વર્ગમાં મોકલવાનો હુકમ બીરબલને બાદશાહે કરી રાખ્યો હતો તે પ્રમાણે બીરબળે તેને સ્મશાનમાં બેસાડી, ઉપર ઘાસના પુળા ખડકાવ્યા અને પછી સીપાઈઓને હુકમ કરવાથી તેઓએ તે સળગાવી દીધું

એ પ્રમાણે પોતાની ચતુરાઇથી પોતાના દુશમનનો જીવ લીધો હાલ કેટલાક ઉંધાનું ચતું અને ચતાનું ઉંધું કરેછે. એકને એમ સમજાવેછે અને બીજાને તેમ સમજાવેછે તેઓ આખરે ફસી પડેછે. બીજાને વાસ્તે ખોદેલા ખાડામાં પોતેજ પડેછે. પોતે એમ નથી જાણતા કે, કોઇ શેરને માથે સવાશેર મળશે તો પુરા કરી નાખશે. માટે અમારી એટલીજ વિનંતી છે કે, કોઇનું વગર કારણે ખરાબ કરવાની યુક્તિ કદી કરવી નહીં. પોતાને જે મળતું હોય તેમાં સંતોષ માનવો. પણ બીજાની મોટાઇ જોઇ કદીપણ મનમાં ઇર્ષા આણવી નહી.

પ્રથમ ભાગ સમાપ્ત.

તૈયાર છે.

			આ.	પૈ.
૧	અરીબુલી એબનસિંહની વાર્તા	૦	૩	૦
૨	જોધપુરના કર્ણસિંહ ,, ...	૦	૪	૦
૩	હિંદી નાઇટ્સ ,, ...	૧	૮	૦
૪	બાદશાહ બીરબલની વાર્તા ભાગ ૧-૬ દરેકના	૦	૪	૦
૫	હરિશ્ચંદ્ર આખ્યાન (કવિતામાં)	૦	૬	૦
૬	રામરક્ષા (ગુજરાતી અર્થ સાથે)	૦	૦	૩
૭	નારાયણ કવચ (,,)	૦	૦	૩
૮	વૈરાગ્ય શતક (ગુજરાતી અર્થ સાથે) ...	૦	૪	૦
૯	કલિવિડમ્બન શતક (,,) ...	૦	૨	૦
૧૦	હેમચંદ્ર-કાવ્ય	૦	૪	૦
૧૧	બાલસુબોધ પુ૦ ૩ જુ...	૦	૮	૦
૧૨	નીતિની શીખામણ (ત્રીજી આવૃત્તિ) ...	૦	૨	૦
૧૩	સુંદરી ગુણ મંદિર (ત્રીજી આવૃત્તિ) ...	૦	૮	૦
૧૪	કામંદકીય નીતિસાર સર્ગ ૧ લો... ...	૦	૫	૦
૧૫	ચંદ્રસિંહ દીપમણી નાટક	૦	૬	૦
૧૬	રસ ગંગા રસ તલાવડી	૧	૮	૦
૧૭	સીકંદર નામું	૧	૪	૦
૧૮	પીટર ચરિત્ર	૦	૧૨	૦
૧૯	બૃહત્કથા સાર લંબક ૧	૨	૪	૦
૨૦	દશાવતાર સ્તોત્ર	૦	૩	૦
૨૧	સુમનોવિનોદ	૧	૦	૦
૨૨	સમ શ્લોકી ભગવદ્ગીતા	૧	૦	૦
૨૩	હૃદયદૂત સાર...	૦	૪	૦
૨૪	કવિભુકકુંડ ચરિત્ર	૦	૨	૦
૨૫	ભાણદાસ કૃત પ્રહ્લાદ આખ્યાન... ...	૦	૧૦	૦
૨૬	નીતિ નિદર્શન	૦	૪	૦